વિક્રમ સંવત ૨૦૮૦, કારતક સુદ આઠમ ● તારીખ : ૨૦ નવેમ્બર ૨૦૨૩, સોમવાર ● વર્ષ : ૧૫ ● અંક : ૧૧૦

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ ● અમદાવાદ ● કિંમત : રૂા. ૨.૦૦ ● પાના : ૮

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886



મોટેરા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચેની ફાઈનલ મેચ જોવા માટે ચાહકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

**પીએમ મોદી પર ચઢ્યો વર્લ્ડ કપનો ફિવર : કોંગ્રેસના લોકો એકબીજાને જ રન આઉટ કરવામાં લાગ્યા છે : હવે કોંગ્રેસનો જવાનો સમય છે : વડાપ્રધાન મોદી**

## રાજસ્થાનમાં કોંગ્રેસને હવે ઓલઆઉટ કરવાનું છે : પીએમ મોદી

। ઝૂઝૂનૂ, તા.૧૯ ।

અમદાવાદમાં રવિવારે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વર્લ્ડ કપની ફાઈનલ મેચ રમાઈ રહી હતી ત્યારે રાજસ્થાનમાં ચૂંટણી પ્રચાર કરી રહેલા વડાપ્રધાન મોદી પર પણ વર્લ્ડ કપનો ફિવર જોવા મળ્યો છે. રાજસ્થાનના ચુરૂ અને ઝૂઝૂનૂમાં ભાજપ ઉમેદવારોના સમર્થનમાં રેલીને સંબોધિત કરતા વડાપ્રધાન મોદીએ ક્રિકેટની ભાષામાં કોંગ્રેસ પર પ્રહાર કર્યો અને કહ્યું કે રાજસ્થાનમાં કોંગ્રેસને ઓલઆઉટ કરવાનું છે. તેમને કહ્યું ક્રિકેટમાં બેટસમેન આવે છે અને પોતાની ટીમ માટે રન બનાવે



છે પણ કોંગ્રેસમાં એવો ઝઘડો છે કે રન બનાવવા તો દુરની વાત છે, આ લોકો એકબીજાને જ રન આઉટ કરવામાં લાગ્યા છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે કોંગ્રેસ PFI રેલીને સમર્થન કરે છે. અહીંથી હટાવવી જરૂરી છે. આ ચૂંટણીની દિવાળી છે. આપણે દરેક ખુણામાંથી કોંગ્રેસને સાફ કરવાની છે, કોંગ્રેસની સફાઈ કરવી પડશે. દરેક પોલિંગ બૂથમાં સફાઈ થશે.

તેમને કહ્યું કે સમગ્ર દેશ ક્રિકેટના જોશથી ભરેલો છે. લાલ ડાયરીના પેજ ધીમે-ધીમે ખુલવા લાગ્યા છે. કોંગ્રેસનો જવાનો સમય આવી ગયો છે. કોંગ્રેસે ખેડૂતોને પણ છોડ્યા નથી. વડાપ્રધાન મોદીએ કહ્યું કે તમે ભાજપને સત્તામાં લાવશો તો અમે રાજસ્થાનમાં ભ્રષ્ટાચારી ટીમને આઉટ કરી દઈશું. ભાજપ વિકાસનો સ્કોર વધુ તેજીથી બનાવશે અને જીત રાજસ્થાનની થશે. આ જીત રાજસ્થાનના ભવિષ્ય અને રાજસ્થાનની માતાઓ-બહેનો, યુવાનો અને ખેડૂતોની હશે.

તેમને કહ્યું કે રાજસ્થાનના મુખ્યપ્રધાને સ્વીકાર કર્યો છે કે તેમના ધારાસભ્યોએ ૫ વર્ષ સુધઈ કોઈના કામ કર્યા નથી. કામ કેમ નથી કર્યુ? કારણ કે અહીં જાદુગર બાજીગરનો ખેલ ચાલી રહ્યો હતો. જાદૂગર ખુરશી બચાવવામાં લાગ્યા હતા અને બાજીગર ખુરશી ખેંચવામાં લાગ્યા હતા. ધારાસભ્ય અને મંત્રી અહીંની તિજોરીઓમાંથી માલ ગાયબ કરવામાં લાગ્યા હતા. વડાપ્રધાન મોદીએ કહ્યું કે હવે તો મુખ્યપ્રધાનના પુત્રએ પોતે જ લાલ ડાયરીમાં લખી દીધુ છે કે પપ્પાની સરકાર નહીં આવે. રાજસ્થાનમાં ભાજપ સરકાર બનતા જ પેપરલીક કાંડની તપાસ થશે. કાળા નાણા ભેગા કરનારા હવે બચી નહીં શકે. તેમને સમાજ પાસેથી લૂંટેલુ ધન પાછુ આપવુ પડશે. તેમને કહ્યું કે કોંગ્રેસ સરકાર તમને લૂંટવાની કોઈ તક છોડી રહ્યું નથી. ગુજરાત, હરિયાણા અને યૂપીમાં પેટ્રોલ ૧૨-૧૩ રૂપિયા સસ્તુ છે. ભાજપ સરકાર આવતા જ રાજસ્થાનમાં પેટ્રોલની કિંમતની સમીક્ષા થશે અને તેની તપાસ પણ થશે કે અત્યાર સુધી જે રૂપિયા જમા કર્યા, તે કોના બેક એકાઉન્ટમાં ગયા.


JAY BHOLE MOBILE SHOP

& COMPUTER ACCESSORIES

0 Dp 0 Intrest T&c Apply ACCSERIOES 20% DISCOUNT

VINOD LALWANI 81539 39438, DEV PATEL (Repairing) 96245 17816, 079 - 4032 3152, Jaybholemobileshop8153@gmail.com










All Kind Of Mobiles, Mobile Repairing Software Flashing, Phone Unloking, Accessories, Recharges & Computer Accessories

Shop # 19, Ground Floor, Akshardham Complex, Premchandnagar Road, Judges Bungalow, Bodakdev, Ahmedabad - 380 015,

Shop No. UL-2,Balaji Complex, Nehru Park, Nr, Management Enclave, Vastrapur Road, Ahmedabad,




LIMITED TIME OFFER

### બોર્ડ નિગમના કાયમી કર્મચારીઓ માટે મહત્વનો નિર્ણય

# બોર્ડ નિગમના કર્મચારીઓનું પેન્શન નવેસરથી નક્કી કરાશે

| અમદાવાદ,તા.૧૯ |

દિવાળીના તહેવારો વાદ હવે બોર્ડ નિગમના કાયમી કર્મચારીઓ માટે મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. વાત જાણે એમ છે કે, બોર્ડ નિગમના કર્મચારીઓનું પેન્શન નનવેસરથી નક્કી કરાશે. નવેસરથી પેન્શન નક્કી કરવાનો રાજ્ય સરકારે નિર્ણય લીધો છે. જોકે કર્મચારીઓએ પેન્શન વધારો લેતા પહેલા કોર્ટમાં કરેલી અરજી પરત ખેંચવી પડશે. રાજ્યના બોર્ડ નિગમના કાયમી કર્મચારીઓ માટે મોટા સમાચાર સામે આવ્યા છે. વિગતો મુજબ રાજ્ય સરકાર દ્વારા નવેસરથી પેન્શન નક્કી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેથી હવે રાજ્ય સરકારના ઠરાવ પ્રમાણે ૨૧-૦૩-૨૦૨૦નો પેન્શન નક્કી કરતો ઠરાવ રદ્દ કરાયો છે. આ તરફ હવે કાયમી કર્મચારીઓનું પેન્શન ૧૦૦ ટકાના ધોરણે ફરી નક્કી કરાશે. જેથી હવે કર્મચારીઓના પેન્શનમાં વધારો થશે.

### રાજ્યના નાણાં વિભાગનો મહત્વનો નિર્ણય

# ૩૦મી જૂને નિવૃત્ત થતા કર્મચારીઓને ઈજાફો અપાશે

| અમદાવાદ,તા.૧૯ |

રાજ્યના નાણાં વિભાગનો એક મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. વાત જાણે એમ છે કે, ૩૦ જૂને વયમર્યાદા નિવૃત્ત થતા કિસ્સામાં ઈજાફો આપ વામાં આવશે. મહત્વનું છે કે, સુપ્રીમકોર્ટના આદેશને પગલે રાજ્ય સરકારે આ નિર્ણય લીધો છે. નોંધનિય છે કે, ૧ જાન્યુ. ૨૦૦૬થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૨ સુધી નિવૃત્ત થયેલાને આ લાભ મળશે. ગુજરાત સરકારના નાણાં વિભાગ દ્વારા ૩૦ જૂને વયમર્યાદા નિવૃત્ત થતા કિસ્સામાં ઈજાફો આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. વયમર્યાદા નિવૃત્તિના કિસ્સામાં ઈજાફો આકારી પેન્શન સુધારા કરવાનો રહેશે. આ સાથે કર્મચારીઓને ૩૦ જૂનનો ઈજાફો પેન્શનમાં મળવા પાત્ર રહેશે. મહત્વનું છે કે, આનો લાભ પંચાયત સેવાના કર્મીઓ, અનુદાનિત સંસ્થાના કર્મીઓને મળશે. આ સાથે છઠ્ઠા પગારપંચનો લાભ મેળવનાર કર્મચારીને લાભ મળશે. આ ઠરાવનો અમલ પંચાયત સેવાના કર્મચારીઓ સહિત અનુદાનિત સંસ્થાઓના કર્મીઓને મળશે.

### લાઈટ અર્બન રેલ ટ્રાન્સિટ સિસ્ટમની ભેટ

# વડોદરામાં રૂપિયા ૫,૬૦૮ કરોડના ખર્ચે મેટ્રો ટ્રેન દોડાવાશે

| વડોદરા, તા.૧૯ |

ગુજરાતમાં અમદાવાદ અને સુરત બાદ હવે વડોદરાવાસીઓને પણ મેટ્રોની સુવિધા મળશે. વાત જાણે એમ છે કે, વડોદરામાં રૂપિયા ૫,૬૦૮ કરોડના ખર્ચે મેટ્રો ટ્રેન દોડાવાશે. લાઈટ અર્બન રેલ ટ્રાન્સિટ સિસ્ટમની વડોદરાવાસીઓને ભેટ મળશે. જેને લઈ કેન્દ્ર અને રાજ્ય સરકાર સાથે મ્યુનિસિપલ કમિશનર અને સ્ટેન્ડિંગ ચેરમેને ચર્ચા કરી છે. વિગતો મુજબ વડોદરામાં ૪૩.૨ કિલોમીટરમાં મેટ્રો ટ્રેનનું નેટવર્ક પથરાશે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટ્રાફિક સરવે અને વસ્તી ગણતરીની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. જેથી હવે મેટ્રો ટ્રેન અને મલ્ટી મોડેલ ઈન્ટીગ્રેશન નેટવર્ક ઉભું કરાશે. માહિતી મુજબ નોર્થ કોરિડોર ય્જીહ્લઝથી સુશેન સર્કલ સુધી મેટ્રો દોડશે. સાઉથ કોરિડોર કાલાઘોડાથી સુશેનથી મકરપુરા નેશનલ હાઈવે સુધી, વેસ્ટ કોરિડોર સેવાસી ગોત્રી કેનાલ રોડથી કાલાઘોડા સર્કલ સુધી અને ઈસ્ટ કોરિડોર કાલાઘોડાથી વાયા માંડવી ગેટ થઈને વાઘોડિયા ચોકડી સુધી રહેશે.



લાભપાંચમના દિવસે જવેરીપાર્ક પાસે દેરાસરમાં ધાર્મિક ગ્રંથના દર્શન માટે શ્રદ્ધાળુઓ પહોંચ્યા હતા.

# ભરૂચ-વડોદરા સહિત રાજ્યના ૬ જિલ્લાની ૮૦ વસાહતો મૂળ ગામ સાથે ભેળવી દેવાનો નિર્ણય

### ભરૂચ, નર્મદા, છોટાઉદેપુર, વડોદરા, ખેડા અને પંચમહાલ એમ આઠ જિલ્લાની ૮૦ વસાહતોનો સમાવેશ થાય છે

| અમદાવાદ,તા.૧૯ |

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વધુ એક મોટો નિર્ણય કર્યો છે. વાત જાણે એમ છે કે, મુખ્યમંત્રીએ સરદાર સરોવર ડેમના બાંધકામથી ડૂબમાં ગયેલી જમીનના ખાતેદારોના પુનઃવસવાટ માટે બનાવવામાં આવેલી ૮૦ જેટલી વસાહતોને તેના નજીકના મૂળ ગામ સાથે ભેળવી દેવાનો નિર્ણય કર્યો છે. મહત્વનું છે કે, ભરૂચ, નર્મદા, છોટા ઉદેપુર, વડોદરા, ખેડા અને પંચમહાલ એમ ૮ જિલ્લાની ૮૦ વસાહતોનો સમાવેશ થાય છે.

સરદાર સરોવર ડેમના નિર્માણને કારણે જેમની જમીનો ડુબાણમાં ગયેલી છે તેવા ખાતેદારોના પુનઃવસવાટ માટે સરદાર સરોવર પુનઃ વસવાટ એજન્સી દ્વારા જુદી જુદી જગ્યાએ વસાહતો બનાવવામાં આવી છે. નર્મદા યોજનાના અસરગ્રસ્તોને પુનઃસ્થાપન કરીને વસાવવામાં આવેલી આવી વસાહતોમાં અસરગ્રસ્તોને માટે રહેણાંકના મકાનો, પીવાના પાણીની સુવિધા, રસ્તા, કોમન પ્લોટ, સ્કુલ, દવાખાના વગેરે ભૌતિક સવલતો પૂરી પાડવામાં આવેલી છે. આ તરફ આવી વસાહતોને તેના નજીકના મૂળ ગામ સાથે ભેળવી દેવા અંગે રાજ્યના પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને મળેલી રજૂઆતોને વિભાગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ મુકતાં તેમણે તેને અનુમોદન આપ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ નિર્ણય થી આવી વસાહતો અંગેના પડતર રહેલા વિષયે સુખદ નિરાકરણ આવ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સરદાર સરોવર ડેમના બાંધકામથી ડૂબમાં ગયેલી જમીનના ખાતેદારોના પુનઃવસવાટ માટે સરદાર સરોવર પુનઃ વસવાટ એજન્સી દ્વારા ભરૂચ, નર્મદા, છોટા ઉદેપુર, વડોદરા, ખેડા અને પંચમહાલ જિલ્લાઓમાં બનાવવામાં આવેલી કુલ ૮૦ જેટલી વસાહતોને તેના નજીકના મૂળ ગામ સાથે ભેળવીપ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરેલા આ નિર્ણય અનુસાર ભરૂચ જિલ્લાની ૯, છોટાઉદેપુર જિલ્લાની ૧૪, નર્મદાની ૧૩, વડોદરાની ૩૮, પંચમહાલની ૫ અને ખેડાની ૧ મળી કુલ ૮૦ વસાહતોને મૂળ ગામ સાથે ભેળવી દેવાશે. આ વસાહતો મૂળ ગામ સાથે ભળી જવાથી ગ્રામ પંચાયત દ્વારા અપાતી વિવિધ સેવાઓનો લાભ તેમને મળશે.

# એક્સ્ટ્રા બસોથી એક અઠવાડિયામાં કરોડો રૂપિયાનીની કમાણી થઈ



| વડોદરા,તા.૧૯ |

હાલ મળતી માહિતી પ્રમાણે, એસટી ડિવિઝનને રાજ્યમાં દિવાળીના તહેવારો ફળ્યા છે અને તોતિંગ કમાણી થઈ છે, વડોદરા એસટી ડિપાર્ટમેન્ટે આ દરમિયાન એક્સ્ટ્રા બસો દોડાવીને જબરદસ્ત કમાણી કરી છે. વડોદરા એસટી ડિવિઝનને છેલ્લા એક અઠવાડિયામાં એટલે કે ૭ થી ૧૫ નવેમ્બર સુધી કુલ ૮ દિવસમાં ૩.૬૦ કરોડની આવક થઈ છે. દિવાળીના તહેવારમાં મુસાફરોની સુવિધા માટે રાજ્યના એસટી વિભાગ દ્વારા વધારાના ૨૨૦૦ બસો દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, જેમાં વડોદરા સેન્ટ્રલ એસટી ડેપોએ પણ આ દરમિયાન પોતાની ૫૦ વધુ એસટી બસ દોડાવી હતી. આ એક્સ્ટ્રા એસટી બસોથી વડોદરા ડિવિઝને ૩.૬૦ કરોડની કમાણી કરી લીધી છે, જે આંકડો ચોંકવનારો છે. દિવાળીનો તહેવાર ગુજરાત એસટી નિગમને ફળ્યો હતો. મળતી જાણકારી અનુસાર, દિવાળીના તહેવારોને લઈને એસટી વિભાગ દ્વારા એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવ્યું હતું. જેના કારણે એસટી વિભાગને દિવાળીના તહેવારોમાં એક્સ્ટ્રા બસોના સંચાલનથી સાત કરોડ રૂપિયાથી વધુની આવક થઈ હતી. એટલું જ નહી ઓનલાઈન ટીકીટ બુકિંગમાં પણ નવો રેકોર્ડ સર્જાયો હતો. ૭ અને ૧૫ નવેમ્બરે ૧ લાખથી વધારે ટિકિટનું એડવાન્સ ઓનલાઈન બુકિંગ થયું હતું. સામાન્ય દિવસોમાં ૫૦ હજારથી ૬૦ હજાર ટિકિટ બુક થતી હોય છે પરંતુ આ બંને દિવસ દરમિયાન ઓનલાઈન બુકિંગનો આંકડો એક લાખથી વધારે પહોંચ્યો હતો. ૭ નવેમ્બરે ૧ લાખ ૧૮૪ ટિકિટ બુક થઈ જ્યારે ૧૫ નવેમ્બરે ૧ લાખ ૨૧ હજાર ૩૨૯ ટિકિટ બુક થઈ હતી.

# જુનિયર ક્લાર્કની પરીક્ષામાં ૯૪૦૦ થી વધુ ફોર્મ રિજેક્ટ થતા અરજી ફી પરત આપવાનું શરૂ

### ૨૨ લાખથી વધુ અરજી ફી પાછી આપી દેવા આવા ઉમેદવારો પાસેથી પોતાના બેંકના એકાઉન્ટની જરૂરી વિગતો તારીખ ૧૦ નવેમ્બર સુધીમાં મંગાવવામાં આવી

| વડોદરા,તા.૧૯ |

વડોદરા મ્યુનિ. કોર્પોરેશનમાં જૂનિયર ક્લાર્ક વર્ગ-૩ સંવર્ગની ૫૫૨ જગ્યા માટે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા ઓક્ટોબર તા.૮ના રોજ લેવામાં આવી હતી. આ પરીક્ષા માટે ૯૪૦૦ થી વધુ ઉમેદ વારોના ફોર્મ રદ થયા હતા. તેઓને ૨૨ લાખથી વધુ અરજી ફી પાછી આપી દેવા આવા ઉમેદવારો પાસેથી પોતાના બેંકના એકાઉન્ટની જરૂરી વિગતો તારીખ ૧૦ નવેમ્બર સુધીમાં મંગાવવામાં આવી હતી .કોર્પોરેશનને આ સમય દરમિયાન માત્ર ૬૨૦ ઉમેદવારોએ આવી વિગતો પૂરી પાડી હતી. જેમાંથી ૪૮૦ અરજી પ્રોસેસ કર્યા બાદ ૪૦૦ ઉમેદવારોને રિફંડ તરીકે ૯૨૦૦૦ ચૂકવવામાં આવ્યા છે.

હજુ પણ જે લોકોએ અરજી ફી પરત મેળવવા વિગતો પૂરી પાડી નથી તેવા ઉમેદવારોને કોર્પોરેશન દ્વારા છેલ્લી તક આપવામાં આવી છે અને હવે તા ૧૮ થી ૨ ડિસેમ્બર સુધી બેંક એકાઉન્ટની જરૂરી વિગતો પૂરી પાડી દેવા જણાવવામાં આવ્યું છે. જો આ સમય મર્યાદામાં વિગતો નહીં અપાય તો કોર્પોરેશન અરજી ફી પરત કરશે નહીં તેવી સૂચના આપવામાં આવી છે.

કોર્પોરેશનની વેબસાઈટ ઉપર લીંક ફોર જુનિયર ક્લાર્ક એપ્લિકેશન ફી રિફંડ માં આ વિગતો પૂરી પાડવા કહ્યું છે, અને જેના આધારે ફી કોર્પોરેશન પરત આપી રહી છે . કોર્પોરેશન દ્વારા પરીક્ષા માટે જે તે સમયે અરજીઓ મંગાવી ત્યારે રાજ્યભરમાંથી ૧,૩૫,૭૯૩ ઉમેદવારોએ ઓનલાઈન ફોર્મ ભર્યા હતા .ઓનલાઈન અરજી કરનારા ઉમેદવારો પૈકી ૧,૧૮,૭૪૬ ઉમેદવારોએ ફોર્મની સાથે ૨,૬૭, ૭૩,૨૦૦ ફી તરીકે ભરેલા હતા .જ્યારે ૧૭,૦૪૭ ઉમેદવારો દ્વારા ફી ભરાઈ ન હતી. પ્રાથમિક પ્રાથમિક ચકાસણી કરતા ૧,૦૯,૩૦૭ ઉમેદવારો માટે પરીક્ષાનું આયોજન કરાયું હતું. પ્રાથમિક ચકાસણીમાં ઓનલાઈન અરજી કરનાર ૯,૪૫૪ ઉમેદવારો તથા ઓફલાઈન અરજીના ૧૩ ઉમેદવારોના ફોર્મ શૈક્ષણિક લાયકાત ના આધારે રદ કરવામાં આવ્યા હતા.

**વિશેષ** "તાપી ઇન્ડસ્ટ્રીયલ પાર્ક" થકી જિલ્લાના યુવાનો માટે રોજગારીની વિપુલ તકો ઉભી થશે : તાપી જિલ્લાના પ્રભારી મંત્રી મુકેશભાઈ પટેલ

# પ્રભારી મંત્રી મુકેશભાઈ પટેલના હસ્તે નોન પોલ્યુટેડ "તાપી ઇન્ડસ્ટ્રીયલ પાર્ક"નું ખાતમૂહુર્ત કરાયું : નિઝરના ધારાસભ્ય ડો. જયરામભાઈ ગામીતની પ્રેરક ઉપસ્થિતિ

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું વોકલ ફોર લોકલનું સ્વપ્ન સાકાર કરવા સ્થાનિક બજારને મજબુત કરવા અનુરોધ કરતા મંત્રી મુકેશભાઇ પટેલ







આત્મનિર્ભર ગુજરાતની પરિકલ્પના સાકાર કરવા માટે તાપી જિલ્લાના સુક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસોને પ્રોત્સાહિત કરવાના ઉમદા આશય સાથે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના કુશળ નેતૃત્વવાળી રાજ્ય સરકાર "તાપી ઈન્ડસ્ટ્રીયલ પાર્ક" જેવા પ્રોજેક્ટને સફળ બનાવી રોજગાર સર્જનની તકો વધારવાના સુદ્રઢ પ્રયાસો કરી રહ્યું છે.

આ સાહસો વિશ્વભરમાં મોટા ભાગના વ્યવસાયોમાં જવાબદાર છે અને તે રોજગાર સર્જન અને વૈશ્વિક આર્થિક વિકાસ માટે છે. કુકંરમુંડાના ઉભદ-પીશાવર ખાતેથી તાપી ઈન્ડસ્ટ્રીયલ પાર્ક હેઠળ પ્લેટફોર્મનું ઉદ્ઘાટન રાજ્યકક્ષાના વન અને પર્યાવરણ મંત્રીશ્રી અને તાપી જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી મુકેશભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રભારી મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું કે, તાપી જિલ્લો પરંપરાગત કૃષિ અને પશુપ ાલન વ્યવસાય સાથે સંકળાયેલુ છે. પરંતુ આજના યુવાનો પરંપરાગત વ્યવસાયના બદલે નોકરી પર વિશેષ પ્રાધાન્ય આપી રહ્યા છે. આજના યુવાનોમાં શિક્ષણનું સ્તર વધ્યું છે અને કૌશલ્યવર્ધક પ્રવૃતિ તરફ આકર્ષાઈ રહ્યા છે ત્યારે જિલ્લાના યુવાનો માટે સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો શરૂ થાય તે અતિમહત્વપૂર્ણ છે. આવા ઉદ્યોગોને જિલ્લામાં પોત્સાહન મળતા વડાપ્રધાનશ્રીના વોકલ ફોર લોકલના સ્વપ્રને ગતિ મળશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકારની ૨૦૨૦ ની પોલિસીને ધ્યાનમાં લઈને ઉદ્યોગ સાહસિકોને ગુજરાત સરકારની સબસિડી, યોજનાઓનો લાભ મળશે. ઉપરાંત આ નોન પોલ્યુટેડ યુનિટ ખાતે લોકો માટે રોજગારીની તકો ઉભી થશે. વાયબ્રન્ટ ગુજરાત- વાયબ્રન્ટ તાપી ડિસ્ટ્રીક્ટ અંતર્ગત યોજાયેલા કાર્યક્રમમાં ૪૦ કરોડના એમઓયુ થયાં છે.તાપી ઈન્ડસ્ટ્રીયલ પાર્કનું પણ એમઓયુ કરવામાં આવશે. વધુમાં મંત્રીશ્રી ઉમેરતા જણાવ્યું કે, જિલ્લામાં ઈન્ડસ્ટ્રીયલ પાર્કના નિર્માણથી રોજગારીની તકો વિપુલ પ્રમાણમાં ઉભી થશે.

દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું વોકલ ફોર લોકલના સ્વપ્રને સાકાર કરવા તાપી જિલ્લાના સ્થાનિક બજારને મજબુત બનાવી જિલ્લામાં જ તમામ ચીજવસ્તુઓનુ ઉત્પાદન અને વેચાણ થાય તે સુનિશ્ચિત કરવુ જરૂરી છે. તાપી જિલ્લાના વિકાસને વેગવાન બનાવવા માટે જિલ્લામાં પ્રસ્થાપિત થનાર પ્રોજેક્ટ્સ સફળ થાય તે બદલ મંત્રીશ્રીએ શુભેચ્છાઓ પાઠવી હતી. નિઝર તાલુકાના ધારાસભ્યશ્રી ડો. જયરામભાઈ ગામીતે પણ આ પ્રસંગે જિલ્લાના યુવાનો માટે રોજગારીની તકો ઉભી થાય અને જિલ્લાનો વિકાસ વધુ વેગવાન બને તે માટે પ્રેરક ઉદબોધન આપી આગામી પ્રોજેક્ટ માટે શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે તાપી જિલ્લાના પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી સુરજ વસાવા, પાયોનીયર ડેવલોપર્સ મહેશભાઈ વસાવા, મણીભાઈ પટેલ, એફ.એસ. રાઠોડ, દિલીપભાઈ પાટીલ સહિત પદાધિકારીઓ, સરપંચશ્રી, જિલ્લા-તાલુકા પંચાયતના પ્રમુખશ્રી-ઉપપ્રમુખશ્રીઓ, ઉભદ ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### કાર અને ટ્રક વચ્ચે સર્જાયો હતો ગમખ્વાર અકસ્માત

# રાજસ્થાનમાં ભયાનક અકસ્માતમાં ૬ પોલીસકર્મીના ઘટનાસ્થળે મોત

## કારમાં સાત પોલીસકર્મીઓ હતા : માર્યા ગયેલા પોલીસકર્મીઓમાં ચાર ખિંવસર પોલીસ સ્ટેશનના અને એક નાગૌર જિલ્લાના જયલ પોલીસ સ્ટેશનના હતા

| નાગૌર, તા.૧૯ |

રાજસ્થાનના ચુરુ જિલ્લાના સુજાનગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આજે કાર અને ટ્રક વચ્ચેની ભીષણ અથડામણમાં છ પોલીસકર્મીઓના મોત થયા છે. અકસ્માતની માહિતી મળ્યા બાદ પોલીસ પ્રશાસનમાં ખળભળાટ મચી ગયો હતો અને વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. મૃતકોના મૃતદેહને સ્થાનિક હોસ્પિટલના શબઘરમાં રાખવામાં આવ્યા છે. અકસ્માતના સમાચાર બાદ મૃતકોના ઘરોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. અકસ્માતના કારણો હાલ જાણવા મળ્યા નથી. પોલીસ સમગ્ર મામલાની તપાસમાં વ્યસ્ત છે. અકસ્માતનો ભોગ બનેલા પોલીસકર્મીઓ નાગૌરથી ઝુંઝુનુ જઈ રહ્યા હતા. આ દરમિયાન રસ્તામાં તેનો અકસ્માત થયો હતો.



પોલીસના જણાવ્યા અનુસાર સુજાનગઢના સદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં કનુતા ગામ પાસે નેશનલ હાઈવે નંબર ૫૮ પર રવિવારે વહેલી સવારે આ અકસ્માત થયો હતો. ટ્રક અને ઝાયલો કાર વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. કારમાં સાત પોલીસકર્મીઓ હતા. આ અકસ્માતમાં કારમાં સવાર પાંચ પોલીસકર્મીઓના ઘટનાસ્થળે જ મોત થયા હતા. માર્યા ગયેલા પોલીસકર્મીઓમાં ચાર ખિંવસર પોલીસ સ્ટેશનના અને એક નાગૌર જિલ્લાના જયલ પોલીસ સ્ટેશનના હતા. એક પોલીસકર્મીનું સારવાર દરમિયાન મોત થયું હતું. બંને વાહનો વચ્ચે અથડામણ એટલી ભયંકર હતી કે કાર ખાબકી ગઈ હતી. અકસ્માતમાં એક પોલીસ કોન્સ્ટેબલ ગંભીર રીતે ઘાયલ થયો છે. સ્થાનિક હોસ્પિટલમાં તેની સારવાર ચાલી રહી છે પરંતુ તેની હાલત નાજુક છે.

અકસ્માતની માહિતી મળતા જ પોલીસ દોડી આવી હતી અને ઘટના સ્થળે દોડી આવી હતી. વરિષ્ઠ અધિકારીઓ પણ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. પોલીસે ગ્રામજનોની મદદથી મૃતદેહને કારમાંથી બહાર કાઢ્યો અને સ્થાનિક હોસ્પિટલમાં લઈ ગયો. તરત જ સંબંધિત પોલીસ સ્ટેશનો અને મૃતકોના પરિવારજનોને આ માહિતી આપવામાં આવી હતી. એક સાથે પાંચ પોલીસકર્મીઓના મોતના સમાચારથી પોલીસ વિભાગમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. આ તરફ અ ધિકારીઓ હોસ્પિટલ પહોંચ્યા અને મૃતદેહોના પોસ્ટમોર્ટમની તૈયારી કરી. અકસ્માતના કારણો હજુ સુધી બહાર આવ્યા નથી. પોલીસ અકસ્માતના કારણોની તળિયે જવાનો પ્રયાસ કરી રહી છે. અકસ્માતની માહિતી મળતાં જ મૃતક પોલીસકર્મીઓના સગા-સંબંધીઓ પણ સુજાનગઢ દોડી આવ્યા હતા. પોતાના સ્નેહીજનોના મૃતદેહો જોયા બાદ તે હોશ ગુમાવી બેઠો હતો. વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ તેમને સાંત્વના આપી. તમને જણાવી દઈએ કે આ તમામ પોલીસકર્મીઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સભામાં જઈ રહ્યા હતા. તે દરમિયાન જ આ ભયાનક અકસ્માત સર્જાયો હતો.

આ અકસ્માતમાં ત્રણ પોલીસકર્મીઓ ઘાયલ થયા છે અને તેમને સારવાર માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, આ ભયાનક અકસ્માત નાગૌર જિલ્લાના કનુતા ગામ પાસે થયો હતો. અકસ્માતનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી.

તમને જણાવી દઈએ કે વડાપ્રધાન રવિવારે બપોરે એક જનસભાને સંબોધિત કરવાના હતા. સેંકડો કર્મચારીઓ આ જાહેર સભાની તૈયારીમાં વ્યસ્ત હતા. આ ત્રીજી વખત છે જ્યારે વડાપ્રધાન ઝુંઝુનુ આવી રહ્યા હતા. તે દરમિયાન બે દિવસ અગાઉથી જ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી હતી. સ્થળ પર ભારે સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા હતા

### ઉત્તરકાશી ટનલમાં હવે તો ૧૭૦ કલાક વિતી ગયા

# ટનલમાં છેલ્લા ૮ દિવસથી મજૂરો પોતાના જીવની લડાઈ લડી રહ્યા છે

## તેમને બચાવવાના શક્ય પ્રયાસો કરવામાં આવી રહ્યા છે

| ઉત્તરકાશી, તા.૧૯ |

ઉત્તરકાશીની સિલ્ક્યારા ટનલમાં ૪૧ મજૂરો ફસાયાને ૮ દિવસ થઈ ગયા છે અને હજુ સુધી વહીવટીતંત્ર ખાલી હાથ છે. હવે ટનલની ઉપર અને બાજુઓથી ડ્રિલિંગની તૈયારીઓ ચાલી રહી છે. ઉત્તરકાશીમાં ૪૧ લોકોના જીવ બચાવવા માટે મશીનોની સાથે પ્રાર્થનાનો પણ ઉપ યોગ કરવામાં આવી રહ્યો છે.

એક તરફ ડ્રિલિંગ મશીન રોજ કામદારો માટે મહેનત કરતા જોવા મળે છે. બીજી તરફ, સુરંગની બહાર લોકો ભગવાનને પ્રાર્થના કરી રહ્યા છે અને કામદારો સુરક્ષિત રીતે બહાર આવે તે માટે પ્રાર્થના કરી રહ્યા છે. ઉત્તરકાશી ટનલ રેસ્ક્યુ ઓપરેશન સંબંધિત દરેક અપડેટ અહીં જાણો. બચાવ દરમિયાન ટનલમાં વાઈબ્રેશન અને કાટમાળ પડવાના ભયને કારણે ઓગર મશીનથી ડ્રિલિંગ બંધ કરી દેવામાં આવ્યું છે. હવે ટનલની ઉપર અને બાજુઓથી ડ્રિલિંગની તૈયારીઓ ચાલી રહી છે.

મેજર નમન નરુલાએ કહ્યું કે અમને ટ્રેક બનાવવાનું કામ આપવામાં આવ્યું છે જેથી અમે વર્ટિકલ ડ્રિલિંગ કરી શકીએ. અમારે લગભગ ૩૨૦ મીટરનો ટ્રેક બનાવવાનો છે. અમારો ટાર્ગેટ છે કે આપણે તેને આવતીકાલ સુધીમાં પુરો કરવાનો છે, અમે યુદ્ધના ધોરણે કામ કરી રહ્યા છીએ.

અધિકારીઓને આશા છે કે સિલ્ક્યારા ટનલનો વૈકલ્પિક માર્ગ તૈયાર થઈ જશે. ઉત્તરાખંડ સરકારમાં ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યુટી (OSD) ભાસ્કર ખુલ્બેએ જણાવ્યું હતું કે સંયુક્ત પ્રયાસોથી ૪-૫ દિવસમાં સારા પરિણામો આવશે. જો ભગવાનની ઈચ્છા હોય, તો તે પહેલાં પણ આ શક્ય બની શકે છે.

# દિલ્હીમાં પહાડો કરતાં પણ વધારે રહેશે ઠંડી

| નવી દિલ્હી, તા.૧૯ |

હવામાનમાં આવેલા બદલાવની સાથે જ દેશના ઘણા ભાગોમાં શિયાળાએ તેની અસર દેખાવાનું શરૂ કર્યું છે. દેશની રાજધાની દિલ્હી-NCR, બિહાર, યુપી, રાજસ્થાન સહિત ઘણા રાજ્યોમાં આછું ધુમ્મસ જોવા મળી રહ્યું છે. દિલ્હીમાં પારો ૧૧ ડિગ્રી સુધી ગગડી ગયો છે. લોકો હવે ગરમ વસ્ત્રો પહેરીને ઘરની બહાર નીકળી રહ્યા છે. હવામાન વિભાગનો અંદાજ છે કે દિલ્હીમાં ટૂંક સમયમાં પારો ૧૦ ડિગ્રી સુધી પહોંચી જશે. હવામાન વિભાગનો અંદાજ છે કે દિલ્હીમાં દેહરાદૂન અને શિમલા સહિત તમામ પહાડી શહેરો કરતાં નીચું તાપમાન પહોંચી શકે છે. પહાડી વિસ્તારોમાં હિમવર્ષા અને વરસાદને કારણે મેદાની વિસ્તારોમાં શિયાળો તીવ્ર બની રહ્યો છે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં ઠંડીનું પ્રમાણ વધુ વધશે. IMD અનુસાર, આજે કોસ્ટલ ઓડિશા, કોસ્ટલ ગેંગેટિક વેસ્ટ બંગાળ, ત્રિપુરા, મણિપુર, મિઝોરમ, કોસ્ટલ આંધ્ર પ્રદેશ, યાનમ, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ અને કેરળમાં ભારે વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ૧૮ નવેમ્બરે દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૨૮ ડિગ્રી હતું.રવિવારે લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રી અને મહત્તમ ૨૭ ડિગ્રી રહેવાની સંભાવના છે. સવારે હળવા ધુમ્મસની શક્યતા છે. ૨૦ નવેમ્બરે તાપમાનનો પારો વધુ ગગડતો રહેશે અને તે ૧૧ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચે તેવી શક્યતા છે. ૨૩ નવેમ્બરે દિલ્હીનું લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી સુધી રહેવાની સંભાવના છે. સવાર-સાંજ ધુમ્મસ રહેવાની શક્યતા છે અને વાતાવરણમાં ઠંડીમાં વધારો થશે.

### પોલીસે સીસીટીવીના આધારે ડ્રાઇવરની કરી ઓળખ

# મહિલાનું અપહરણ કરી બસ ચાલકે દુષ્કર્મ આચરી રોડ ઉપર ફેંકી દીધી

| જયપુર, તા.૧૯ |

રાજસ્થાનમાંચૂંટણીની વચ્ચે એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. જયપુરમાં ફરી નિર્ભયા કાંડ જેવી ઘટના બની હતી. આ ઘટના હરમડા પોલીસ સ્ટેશન વિસ્તારની છે. અહીં એક મહિલાનું પહેલા મિની બસમાં અપહરણ કરવામાં આવ્યું અને પછી તેને દારૂ પીવડાવીને બસ ડ્રાઈવરે તેની સાથે રેપ કર્યો. બળાત્કારની ઘટનાને અંજામ આપ્યા બાદ આરોપી બસ ડ્રાઈવર પીડિતાને આવી જ હાલતમાં છોડીને ભાગી ગયો હતો. પરિવારજનોએ આ અંગે પોલીસમાં ફરિયાદ કરતાં પોલીસે ફરિયાદ નોંધાવવાને બદલે તેઓનો ત્યાંથી પીછો કર્યો હતો. જેના કારણે પોલીસ કમિશનરે બે પોલીસકર્મીઓને બેદરકારીના કારણે સસ્પેન્ડ કર્યા હતા. બે પોલીસકર્મીઓને સસ્પેન્ડ કર્યા બાદ આ મામલે ખળભળાટ મચી ગયો હતો. જે બાદ પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે બસ ડ્રાઈવરની ઓળખ કરી અને તેને પકડી લીધો. પોલીસની જાણકારી અનુસાર રેપની ઘટના ગુરુવારે બની હતી. વાસ્તવમાં ઘટનાના દિવસે પીડિતા તેની સાસુ સાથે બજારમાંથી પરત ફરી રહી હતી. આ દરમિયાન એક બસ ડ્રાઈવરે મહિલાનું અપહરણ કર્યું હતું. આ દરમિયાન બસ ડ્રાઈવરે પહેલા પીડિતાને ધમકી આપીને દારૂ પીવડાવ્યો અને પછી તેની સાથે બળાત્કાર કર્યો.

### પાણી તરતી જોવા મળી ગાડીઓ

# ધોધમાર વરસાદના લીધે દુબઇમાં આવ્યું ભારે પૂર

| અમીરાત, તા.૧૯ |

સંયુક્ત આરબ અમીરાત, જે તેના સુકા રણ માટે જાણીતું છે, ત્યાં વારંવાર એવો ભારે વરસાદ પડે છે કે તેના કારણે ત્યાં પૂર આવે છે. આવું જ એક દ્રશ્ય આ ત્યાં જોવા મળ્યું, જ્યારે દુબઈમાં ભારે વરસાદને કારણે પૂર આવ્યું. આ વરસાદને કારણે લોકોના વાહનો પાણીમાં ફસાઈ ગયા હતા અને અહીં-તહીં વહી ગયા હતા. સ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ કે દુબઈ પોલીસે લોકોને ચેતવણી આપી કે તેઓ પરિસ્થિતિ જોઈને જ પોતાના વાહનો બહાર કાઢે.મીડિયા રિપોર્ટ્સ અનુસાર, શુક્રવારે સવારે સંયુક્ત આરબ અમીરાતના ઘણા ભાગોમાં અચાનક હવામાન બદલાઈ ગયું અને ભારે પવન સાથે ભારે વરસાદ શરૂ થયો. વરસાદ એટલો જોરદાર હતો કે થોડી જ વારમાં ત્યાંના રસ્તાઓ પાણીમાં ડૂબી ગયા અને વાહનો પાણીમાં તરવા લાગ્યા. પૂરના વધતા જોખમને જોતા, દુબઈ પોલીસે લોકોને બીચથી દૂર રહેવા અને ઘરની અંદર રહેવાની ચેતવણી આપી છે. ભારે વરસાદને કારણે ત્યાં રોડ ટ્રાન્સપોર્ટ અને એરક્રાફ્ટ ઓપરેશનને પણ અસર થઈ હતી. ખરાબ હવામાનને કારણે શુક્રવારે ત્યાં પ્લેન સેવાઓ રોકી દેવામાં આવી હતી અને બસો પણ રસ્તાઓ પર દોડી શકી ન હતી.

### કેન્દ્રિય કર્મીઓના પગારમાં થશે મોટો વધારો

# કેન્દ્રીય કર્મચારીઓને મળશે નવા વર્ષમાં ૨ મોટી ખુશખબર

## કર્મચારીઓને મોંઘવારી ભથ્થું એટલે કે ડીએની ભેટ મળશે તો હાઉસ રેન્ટ એલાઉન્સમાં પણ વધારો થવાનો છે

| નવી દિલ્હી, તા.૧૯ |

કેન્દ્રીય કર્મચારીઓ માટે નવુ વર્ષ ખુબ ખાસ રહેવાનું છે. નવા વર્ષમાં કેન્દ્રીય કર્મચારીઓને મોંઘવારી ભથ્થું એટલે કે ડીએની ભેટ મળશે તો હાઉસ રેન્ટ એલાઉન્ટ (HRA)પણ વધવાનું છે. સાતમાં પગાર પંચની ભલામણ અનુસાર છ મહિનાના આધાર પર વર્ષમાં ૨ વખત કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં વધારો થાય છે. ૫ ।છલો વધારો જુલાઈ-ડિસેમ્બર છ મહિના માટે ઓક્ટોબર ૨૦૨૩માં થયો હતો. જેમાં ૪ ટકાનો વધારો થયો હતો. આ કારણે કેન્દ્રીય કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું ૪૨ ટકાથી વધી ૪૬ ટકા થઈ ગયું છે. અત્યાર સુધીની પેટર્ન પ્રમાણે જાન્યુઆરી-જૂન ૨૦૨૩ના છ મહિના માટે મોંઘવારી ભથ્થામાં વધારાની જાહેરાત માર્ચ મહિનામાં થઈ શકે છે.

અત્યારના માહોલ પ્રમાણે માનવામાં આવી રહ્યું છે કે સરકાર ફરી ૪ ટકાનો વધારો કરી શકે છે. જો તેમ થાય તો કેન્દ્રીય કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું ૫૦ ટકા થઈ જશે. આ સાથે કેન્દ્રીય કર્મચારીઓના HRA માં પણ વધારો થશે. સાતમાં પગાર પંચની ભલામણોમાં જ્યારે મોંઘવારી ભથ્થું ૫૦ ટકા કે તેનાથી વધુ થાય ત્યારે HRA ને રિવાઈઝ કરવાની જોગવાઈ છે. HRA વધારવા માટે ત્રણ કેટેગરી હેઠળ શહેર X,Y & Z માં વિભાજીત કરવામાં આવ્યા છે. જો કર્મચારી ઠ કેટેગરીના શહેરમાં રહે છે તો તેનું એચઆરએ વધી ૩૦ ટકા થઈ જશે.

# બોલિવુડને સુપરહીટ ફિલ્મ આપનાર ડિરેક્ટર સંજય ગઢવીનું નિધન થયું

| મુંબઈ, તા.૧૯ |

બોલિવુડના જાણીતા ડાયરેક્ટર અને મૂળ ગુજરાતી સંજય ગઢવીનું હાર્ટ એટેકથી નિધન થયું છે. રવિવારે સવારે તેઓ લોખંડવાલા બેંક રોડ પર મોર્નિંગ વોક કરી રહ્યા હતા ત્યારે તેમને હાર્ટ એટેક આવ્યો હતો. યશરાજ ફિલ્મ્સની ધૂમ ફ્રેન્ચાઈઝીની બે હિટ ફિલ્મોના દિગ્દર્શન માટે જાણીતા સંજય ગઢવીએ રવિવારે અંતિમ શ્વાસ લીધા. તેઓ ૫૭ વર્ષના હતા.

બોલિવુડની અનેક હસ્તીઓએ તેમના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. મૂળ ગુજરાતી સંજય ગઢવી મુંબઈમાં સ્થાયી થયા હતા. સંજય ગઢવી બોલિવુડની બ્લોકબસ્ટર ફિલ્મ ધૂમ અને તેની સિક્વલ ધૂમ ૨ ના દિગ્દર્શન માટે જાણીતા છે. ફિલ્મ નિર્માતા સંજય ગઢવીનું ૫૭ વર્ષની વયે અવસાન થયું. તેમનું છેલ્લું દિગ્દર્શન સાહસ ઓપરેશન પરીન્દે હતું, જેમાં અમિત સાધ મુખ્ય ભૂમિકામાં હતા. આજે રવિવારના રોજ સવારે સંજય ગઢવી લોખંડવાલા બેંકરોડ પર મોર્નિંગ વોક કરી રહ્યા હતા, ત્યારે તે સમયે તેમની છાતીમાં દુખાવો ઉપડ્યો હતો. તેના બાદ તરત તેમને નજીક કોકિલાબેન અંબાણી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. પરંતુ હોસ્પટિલમાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. સંજય ગઢવીના પિતા મનુભાઈ ગઢવી ગુજરાતી ફિલ્મોના જાણીતા ડિરેક્ટર હતા. મુંબઈમાં આ ગઢવી પરિવારનું ફિલ્મોની દુનિયામાં મોટું નામ હતું. તેમનો પંકજ ઉધાસ પરિવાર અને કલ્યાણજી આણંદજી સાથે ઘરોબો છે. સંજય ગઢવીને યશરાજની ફિલ્મ્સ મેરે યાર કી શાદી હૈ થી બ્રેક મળ્યો હતો.

## વિશેષ

### રાજ્યમાં એસટી (મહિલા) કેટેગરીમાં બીજો ક્રમ મેળવી ઝળહળતી સફળતા હાંસલ કરી વલસાડ જિલ્લાનું ગૌરવ વધાર્યુ

# ધરમપુરના ગરીબ આદિવાસી પરિવારની દીકરીએ કોચિંગ કલાસ વિના જીપી એસસીની પરીક્ષા પાસ કરી સ્ટેટ ટેકસમાં આસિ. કમિશનર તરીકે નોકરી મેળવી

## ગુજરાત સરકાર દ્વારા સ્પીપામાં રહેવા, જમવા અને ભણવાની નિઃશૂલ્ક સુવિધા સાથે દર મહિને મળતું રૂ. ૨ હજારનું સ્ટાઈપેન્ડે નવુ જોમ પૂર્યુ

"મન હોય તો માળવે જવાય", "અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી..." જેવી પ્રચલિત કહેવતને શાશ્વત કરી વલસાડ જિલ્લાના સંપૂર્ણ આદિવાસી એવા ધરમપુર તાલુકાના કાકડકૂવા ગામના ગરીબ આદિવાસી પરિવારની દીકરીએ કોઈપણ કોચિંગ કલાસીસમાં ગયા વિના તાજેતરમાં ગુજરાત જાહેર સેવા આયોગ (જીપીએસસી) દ્વારા લેવાયેલી વર્ગ – ૧ ની પરીક્ષામાં સિલેક્ટ થઈ સમગ્ર રાજ્યમાં આદિવાસી (મહિલા) કેટેગરીમાં બીજો ક્રમાંક મેળવી વલસાડ જિલ્લો અને આદિવાસી સમાજનું નામ ઝળહળતુ કર્યુ છે. જીપીએસસીની પરીક્ષા પાસ કરનાર ધરમપુરના કાકડકૂવા ગામની ૨૮ વર્ષીય દીકરી આયુષી ગોવિંદભાઈ પટેલ ગામડાની સરકારી શાળામાં શિક્ષણ મેળવી વલસાડની જ સાયન્સ કોલેજમાં એમ.એસસી સુધીની ડિગ્રી મેળવી હતી પરંતુ આ દરમિયાન તેમના પિતાનું હાર્ટ એટેકના કારણે મૃત્યુ થતા દોઢ વર્ષ સુધી આઘાતમાં સરી પડી હતી પરંતુ પપ્પાનું સ્વપ્ન હતું કે, મારી દીકરી અધિકારી બને. આયુષીના મનમાં ખૂબ જ મક્કમતા હતી પરંતુ યોગ્ય દિશા અને માર્ગદર્શન ન મળતા શરૂઆતના તબક્કામાં અનેક પરીક્ષાઓમાં નિષ્ફળતા મળી હતી. આ દિવસો દરમિયાન ધરમપુરની શ્રીમંત મહારાણા શ્રી નારણદેવજી લાઈબ્રેરીમાં વાંચન શરૂ કર્યુ ત્યારે યુપીએસસીની તૈયારી કરતા વંદનાબેન ડોબરીયાએ જીપીએસસી પરીક્ષા પાસ કરવા માટે સ્પીપામાં એડમિશન મેળવવા અને તે માટે પરીક્ષાની તૈયારી કરવા માર્ગદર્શન આપ્યુ હતું. જેથી તૈયારી કરી અમદાવાદ સ્પીપામાં પ્રવેશ મેળવી સરકારી અધિકારી બનવા માટે દિવસ-રાત ૧૦ થી ૧૨ કલાક સુધી તૈયારી કરી હતી. ત્યારબાદ સૌ પ્રથમ DGVCL માં જુનિયર ક્લાર્ક તરીકે સુરતમાં, ડેપ્યુટી સેક્શન અધિકારી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર સચિવાલયમાં પોસ્ટીંગ મેળવ્યું હતું. પરંતુ આયુષીને આટલે સુધી સંતોષ ન હતો, આયુષીનું સ્વપ્ન યુપીએસસી પરીક્ષા પાસ કરવાનું હતું જે માટે નોકરી સ્વીકારી સાથે જીપીએસસીની પરીક્ષાની તૈયારી ચાલુ રાખી. નોકરી સાથે રોજ સવાર-સાંજ ૫ થી ૬ કલાક વાંચન કરી તાજેતરમાં જાહેર થયેલા જીપીએસસીના પરિણામમાં સિલેક્ટ થઈ આસિસ્ટન્ટ કમિશનર ગુજરાત સ્ટેટ ટેકસ ક્લાસ -૧, નાણાં વિભાગમાં પોસ્ટીંગ મેળવ્યું છે. પોતાની ઝળહળતી



સફળતા અંગે આયુષી પટેલ કહે છે કે, જીપીએસસીની પરીક્ષા પ્રથમવાર આપી ત્યારે ઈન્ટવ્યુ સુધી પહોંચી હતી, બીજો પ્રયાસ કર્યો ત્યારે મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર તરીકે વર્ગ -૨માં કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકારી વિભાગમાં નોકરી મેળવી હતી ત્યારબાદ હિંમત હાર્યા વિના ત્રીજો પ્રયાસ કરતા હાલમાં જાહેર થયેલા પરિણામમાં હુ પાસ થઈ અને આસિ. કમિશનર વર્ગ-૧ તરીકે નોકરી મેળવી છે. આયુષીએ ખાસ કરીને ગુજરાત સરકારના સ્પીપા સેન્ટરનો આભાર માનતા જણાવ્યું કે, સ્પીપામાં પ્રવેશ મળ્યા બાદ ગ્રુપ ડિસ્કશન અને અન્ય અધિકારીઓ સાથે મુલાકાત થતા તૈયારીમાં જોમ પુરાયુ હતું. રાજ્ય સરકાર દ્વારા અહીં રહેવા- જમવાની અને ભણવાની સુવિધા નિઃશૂલ્ક હતી સાથે દર મહિને રૂ. ૨ હજારનું સ્ટાઈપેન્ડ પણ મળતુ હતું. જેથી આ સફળતા માટે ગુજરાત સરકાર અને મારા માતા હંસાબેન, ભાઈ તરલ તેમજ નિવૃત્ત શિક્ષક મામા શંકરભાઈનું ખૂબ જ મોટુ યોગદાન છે. હવે હુ યુપીએસસીની પરીક્ષા ક્રેક કરવા માટે તૈયારી કરી રહી છું.

**સોશિયલ મીડિયાથી દૂર રહી જૂના ૫૬ પ્રશ્નપત્રો સોલ્વ કરી સફળતા મેળવી**

સફળતાના રહસ્ય અંગે આયુષી જણાવે છે કે, નોકરીના સમય બાદ પણ તૈયારી ચાલુ રાખી હતી. અગાઉ લેવાયેલી પરીક્ષાના કુલ ૫૬ જૂના પ્રશ્નોપત્રો સોલ્વ કર્યા જેના થકી લખવામાં ફાવટ આવી અને યુ-ટ્યુબ પર વીડિયો પણ જોયા હતા. આ સિવાય વોટ્સઅપ, ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ જેવી સોશિયલ મીડિયા સાઈટથી અંતર બનાવી લીધુ હતું. ગુજરાત ગ્રંથ નિર્માણના પુસ્તકો, વર્તમાન પત્રો અને કરંટ એફેર્સ પર વધુ ફોક્સ કર્યુ હતું. સરકારી નોકરી માટે તૈયારી કરતા યુવાધનને પણ સંદેશ આપતા આયુષી જણાવે છે કે, સોશિયલ મીડિયાના વધુ પડતા ઉપયોગથી ધ્યાન કેન્દ્રિત રહેતુ નથી. જેથી જેટલા અળગા રહો એટલુ સારુ. ખાસ કરીને આજના યુવાનો એકાદ બે વાર પરીક્ષા આપી નાસીપાસ થઈ જાય છે તેવા લોકોને મારે એટલુ જ કહેવાનું છે કે, જ્યાં સુધી સ્વપ્ન સાકાર ન થાય ત્યાં સુધી સ્વામી વિવેકાનંદજીનું વાક્ય "ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો..." ને મનમાં ગાંઠ વાળી લઈ જ્યાં સુધી સફળતા ન મળે ત્યાં સુધી પ્રચંડ પુરૂષાર્થ ચાલુ રાખો તો સફળતા અવશ્ય મળે જ છે.

**દીકરીએ પિતાનું સ્વપ્ન પુરૂ કર્યુ તેનો ગર્વ છે : ગૃહિણી માતા**

ઘરકામ કરતા આયુષીના માતા હંસાબેન પટેલે જણાવ્યું કે, આયુષીના પિતાના મોત બાદ પરિવારની આર્થિક સ્થિતિ નબળી હતી પરંતુ પિતાના સપનાને સાકાર કરવા માટે આયુષીએ દિવસ રાત મહેનત કરી આજે શાનદાર સફળતા મેળવી છે જે બદલ ગર્વ અનુભવુ છું

## તંત્રી લેખ...

# છત્તીસગઢમાં બીજા ચરણની ૭૦ સીટો પર મતદાન

પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓમાં મતદાનનું બીજું ચરણ પણ સંપન્ન થઈ ગયું. જેમાં મધ્ય પ્રદેશની તમામ ૨૩૦ સીટો પર એક સાથે અને છત્તીસગઢમાં બીજા ચરણની ૭૦ સીટો પર મતદાન થયું. ત્યારબાદ હવે રાજસ્થાનમાં ૨૩ નવેમ્બરે અને તેલંગણામાં ૩૦ નવેમ્બરે મતદાન બાકી છે, ૩ ડિસેમ્બરે જનતાનો ફેંસલો સામે આવી જશે. એકંદરે મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં ૭.૨૦ કરોડથી વધુ લોકોએ કુલ ૩૦૦ સીટો માટે મતદાન કર્યું. છત્તીસગઢમાં ૭ નવેમ્બરે પહેલા ચરણના મતદાનમાં ૭૦ ટકાથી વધારે મતદાન થયું હતું અને શુક્રવારે પણ અંતિમ મતદાન ટકાવારી તેનાથી વધુ દૂર નહીં રહે. મધ્ય પ્રદેશમાં તો મતદારોના ઉત્સાહનો અંદાજો એ જ વાતે લગાવી શકાય છે કે બપોરે ત્રણ વાગ્યા સુધી ૬૦ ટકાથી વધુ મતદાન થઈ ચૂક્યું હતું. આશા છે કે બંને રાજ્યોમાં મતદાનમાં સુધારનો સુખદ અનુભવ થયો હશે, પણ મધ્ય પ્રદેશમાં ક્યાંક ક્યાંક હિંસા દુઃખદ છે. એવા વિસ્તારોમાં ભવિષ્યમાં સાવધાની રાખવી જરૂરી છે. મધ્ય પ્રદેશની સાથે જ છત્તીસગઢમાં પણ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ મુખ્ય મુકાબલો છે. મધ્ય પ્રદેશમાં ભાજપ પોતાની સરકાર બચાવવાની કોશિશમાં છે, તો છત્તીસગઢમાં કોંગ્રેસ સત્તા જાળવી રાખવા માટે પ્રયાસરત છે. મધ્ય પ્રદેશની સાથે જ છત્તીસગઢ પણ એક એવો પ્રદેશ છે, જ્યાં ભાજપ અને કોંગ્રેસના મતદાન ટકાવારી વચ્ચે વધુ અંતર નથી રહેતું એ અનેક વાર તો સીટોનું અંતર પણ બહુ ઓછું હોય છે. જમીની આધાર પર જોઈએ તો જેટલી મજબૂત ભાજપ છે એનાથી કોંગ્રેસ પણ કંઈ ઓછી નથી. મતદાન ટકાવારીમાં થોડું પણ આમતેમ થયું તો સીટોમાં ભારે અંતર જોવા મળી શકે છે. રાજસ્થાનમાં પણ પાછલી વખતે સીટોનું અંતર વધારે ન હતું. જો રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં કોંગ્રેસનું વર્ચસ્વ દેખાયું, તો તેનાથી વિપક્ષી ગઠબંધનને મજબૂતી મળશે અને તેનો ફાયદો કોંગ્રેસ સાથે આખા વિપક્ષી ગઠબંધનને અન્ય રાજ્યોમાં પણ થશે. જો ભાજપ મધ્ય પ્રદેશમાં ફરી જીતી જાય અને કોંગ્રેસ પાસેથી એક રાજ્ય પણ છીનવી લે તો તે વિપક્ષી ગઠબંધન માટે ખરાબ સંકેત હશે. વિધાનસભા ચૂંટણીના જે પરિણામ આવે, લોકસભા ચૂંટણીમાં આકરો મુકાબલો નક્કી છે. ભાજપે આ વિધાનસભા ચૂંટણીઓમાં પૂરતું જોર લગાવ્યું છે, કારણ કે તેને ખબર છે કે મધ્ય પ્રદેશ, છત્તીસગઢમાં જીતવું કેટલું મહત્ત્વપૂર્ણ છે. સામાન્ય રીતે ક્યાંય પણ ભારે મતદાનની સ્થિતિ નથી અને ભારે મતદાનની સ્થિતિમાં આ સામાન્ય આકલન કરવામાં આવે છે કે સત્તાધારી પાર્ટી વિરુદ્ધ લોકો નારાજ છે. વાસ્તવમાં ચૂંટણીઓ પ્રત્યે લોકોને જેટલો લગાવ હોવો જોઈએ એટલો નથી. મતદાન માટે ખૂબ પ્રેરિત કરવા છતાં મતદાન ૮૦ ટકાને પણ સ્પર્શી શક્યું નથી. લોકરંજક જાહેરાતોની ભરમાર પણ એક સંકેત છે કે જીત પ્રત્યે કોઈપણ પક્ષ આશ્વસ્ત નથી અને તેથી મતદારોને રીઝવવાના કોઈપણ પ્રયાસ હાથમાંથી જવા દેવા માગતા નથી.

# બિહાર વિધાનસભામાં અનામતની સીમા વધારતું વિધેયક રજૂ કરવામાં આવ્યું

બિહાર સરકારે જ્યારે જાતિઓના સર્વેક્ષણના આંકડા જારી કર્યા હતા તો એ જ સંકેત મળ્યા હતા કે તે અને તેના રાજકીય સહયોગીઓ જાતિ આધારિત રાજનીતિના એજન્ડાને નવી ધાર આપવા માંગે છે. તેનું પ્રમાણ પાછલા દિવસોમાં ત્યારે મળ્યું, જ્યારે બિહાર વિધાનસભામાં અનામતની સીમા વધારતું વિધેયક રજૂ કરવામાં આવ્યું. જાતિગત અનામતની સીમાને ૫૦ થી ૬૫ ટકા કરવાના આ વિધેયકને પસાર કરવા માટે પહેલાં જાતિ સર્વેક્ષણ દ્વારા હાંસલ આંકડાના આધારે એ જણાવવામાં આવ્યું કે અનુસૂચિત જાતિ (એસસી), જનજાતિ (એસટી), અતિ પછાત, પછાત અને સામાન્ય વર્ગની આર્થિક સ્થિતિ શું છે? એના પર આશ્ચર્ય નહીં કે બિહારમાં જાતિ સર્વેના આંકડા સામે આવ્યા બાદથી દેશભરમાં જાતીય જનગણના કરાવવાની માંગ તેજ થઈ ગઈ છે. તેની સાથે જ અનામતની સીમા વધારવાની પણ માંગ થઈ રહી છે. એવી માંગ કરનારા પક્ષો એસસી-એસટી અને પછાત વર્ગને એક વોટબેંક રૂપે જોઈ રહ્યા છે. જનગણના સાથે જાતિઓની ગણના કરાવવાનો વાંધો નહીં, પરંતુ તેનો ઉદ્દેશ્ય જાતિની રાજનીતિને ઉત્તેજન આપવાનો અથવા પોતપોતાની સુવિધાથી વિભિન્ન જાતીય સમૂહોને વોટબેંક બનાવવાનો ન હોવો જોઈએ, પરંતુ દુર્ભાગ્યે હાલમાં આ જ થઈ રહ્યું છે. મંડલ રાજનીતિની પેદાશ મનાતા પક્ષોએ અનામતને એક રાજકીય હથિયાર બનાવી લીધું છે. બિહારમાં છેલ્લા ત્રણ દાયકાથી પણ વધુ સમયથી જાતિ અને અનામતની રાજનીતિ કરનારા પક્ષો જ સત્તામાં છે. તેમણે જણાવવું જોઈએ કે આટલા લાંબા સમય સુધી સત્તામાં રહ્યા બાદ પણ રાજ્યમાં એસસી-એસટી અને અતિ પછાત અને પછાત વર્ગોની સ્થિતિ કમજોર કેમ છે? જનગણના કે પછી જાતિ જનગણના કરાવવી કેન્દ્ર સરકારનો અધિકાર છે, તેથી બિહારે જાતિગત ગણનાને જાતિ સર્વે નામ આપ્યું છે. આ સર્વેને લઈને કેટલાય સવાલ ઊઠ્યા છે. ભાજપી નેતાઓએ તો એવા આરોપ લગાવ્યા કે જે જાતિઓ મહાગઠબંધનના પક્ષો અને વિશેષ રૂપે રાજદ અને જેડીયુની વોટબેંક મનાય છે તેમના આંકડા વધારીને બતાવાયા છે. કેટલાક નેતાઓએ એ ફરિયાદ કરી કે કેટલાય લોકોના ઘરે જાતિ સર્વે કરનારા કર્મચારી પહોંચ્યા જ નથી. સ્વતંત્રતા બાદ જ્યારે બંધારણ તૈયાર કરવામાં આવ્યું તો તેમાં એસસી અને એસટી વર્ગો માટે અનામત નક્કી કરવામાં આવી. આ અનામત દસ વર્ષો માટે હતી, કારણ કે ડો.આંબેડકરે એટલી અવધિ માટે જ અનામતને યોગ્ય માની હતી. તેઓ ખુદ દલિત વર્ગથી આવતા હતા. તેમનું માનવું હતું કે દસ વર્ષમાં એસસી-એસટી મુખ્યધારામાં આવી જશે, પરંતુ એવું ન થઈ શક્યું. બિહારનો જાતિ સર્વે એ પણ દર્શાવે છે કે એસસી-એસટી અને ઓબીસી અનામતથી દલિત-પછાત વર્ગોનું એવું ઉત્થાન ન થઈ શક્યું, જેવું અપેક્ષિત હતું. આ સ્થિતિઓમાં વિચાર થવો જોઈએ કે અનામત વર્ગોના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક પછાતપણાને પ્રભાવી રીતે દૂર કેવી રીતે કરવામાં આવે, પરંતુ તેને બદલે અનામત સીમા વધારવાની માંગ થઈ રહી છે. પાછલી સદીના અંતિમ દાયકામાં વીપી સિંહ સરકારે મંડલ પંચનો રિપોર્ટ લાગુ કરી અન્ય પછાત વર્ગો એટલે કે ઓબીસીને અનામત આપી હતી. ઓબીસી અનામતને સુપ્રીમ કોર્ટે બંધારણીય તો માની, પરંતુ એ પણ સ્પષ્ટ કર્યું કે જાતિગત અનામતની સીમા ૫૦ ટકાથી વધવી ન જોઈએ. ત્યારબાદ પાછલી લોકસભા ચૂંટણી પહેલાં મોદી સરકારે આર્થિક રૂપે કમજોર લોકો માટે દસ ટકા અનામતની જોગવાઈ કરી. સુપ્રીમ કોર્ટે તેને પણ માન્યતા આપી. આ રીતે અનામત હવે ૬૦ ટકા થઈ ગઈ છે. ત્યારબાદ પણ વિભિન્ન પક્ષો અને વર્ગો અનામતની માંગ કરતા રહે છે.

# કારતક સુદ સાતમે જલારામ બાપાને યાદ કરી, એનાં ચરિત્રમાંથી ભૂખ્યાને ભોજન નો નાનકડો સંકલ્પ કરીએ




**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)




હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. સૌ દિવાળીનાં તહેવારોનું સરવૈયું કાઢતા હશે! કે આટલો ખર્ચ થયો! આનાં ઘરે ગયાં ને ત્યાં તો જવાનું રહી ગયું! પેલા ને કેવી મસ્ત કાર્પેટ હતી! કેટલી સરસ મીઠાઈ હતી! અને સામેવાળાનો બંગલો તો રોશની થી ઝગમગી ઉઠ્યો હતો! એણે તો બે બે ગાડી હોવા છતાં દિવાળીએ નવી ગાડી છોડાવી! અને આપણે તો આ દિવાળીએ માત્ર નાનો કોર્નર ખરીદવાનો હતો, પણ ખર્ચ વધી જતાં.... કંઈ નહીં આવતે વખતે. આમ તહેવારોનું આવું મુલ્યાંકન અને તહેવારોમાં થયેલી ભૂલ આ બંને વિશે આપણે ચિંતન કરવું જોઈએ.આપણે ત્યાં તહેવાર મનાવવા માટે બીજી એક પ્રથા પણ છે, અને તે છે મહાપુરુષ કે બુદ્ધ પુરુષની જન્મ જયંતી કે પછી પુણ્યતિથિ,તે દિવસે તેને યાદ કરી એને પણ આપણે તહેવાર તરીકે ઉજવીએ છીએ. આજે કારતક સુદ સાતમ એટલે રઘુવંશી ઓનાં પ્રેરણા સ્રોત જલારામ બાપા ની જન્મ જયંતી છે, જોકે પંચાંગ પ્રમાણે આજે આઠમ બતાવે છે અને કેટલીક જગ્યાએ જલારામ જયંતિ ની ઉજવણી થઈ ગઈ. સૌરાષ્ટ્રના વિરપુર ખાતે આવેલું જલારામબાપાનું અન્નક્ષેત્ર આજે તો દુનિયાભરમાં મશહૂર છે, અને હવે તો કેટલા વર્ષોથી દાન કે ભેટ સ્વીકારવામાં ન આવતી હોવા છતાં પણ એ જ રીતે યથાવત ચાલુ છે. આ વાત બતાવે છે કે જલારામ બાપા કેટલા મહાન પુરુષ હતા. જે તે સમયગાળા દરમિયાન જ્યારે તેમણે સેવાનો આ સંકલ્પ કે ભેખ લીધો, ત્યારે તેમની પાસે એવી કોઈ સમૃદ્ધિ હતી નહીં. પરંતુ તેમનું ભજન અને ઈશ્વર પ્રત્યેનો ભરોસો આ બંને અતુટ હોવાથી આ કાર્ય આજે પણ તેમની ઈચ્છા અનુસાર ચાલી રહ્યું છે. તો આજે આપણે સૌરાષ્ટ્રમાં આવેલા વીરપુર તાલુકાના જલારામ બાપા વિશે થોડીક વાત કરીશું.

સંત શ્રી જલારામબાપાનો જન્મ ઈ.સ. વિક્રમ સંવત ૧૮૫૬ની કારતક સુદ સાતમે લોહાણા સમાજના ઠક્કર કુળમાં થયો હતો. તે ભગવાન રામના ભક્ત હતા. નાનપણથી જ તેમને ગૃહસ્થ જીવન કે પિતાના વ્યવસાયમાં કોઈ જ પ્રકારનો રસ હતો નહીં. તેઓ હંમેશા સાધુ સંતોની સેવા કરવામાં પ્રવૃત રહેતા, અને તેમણે તેવું વિચારીને ઘર પણ છોડી દીધું હતું. તેમના કાકાએ તેમને રહેવા એક ઘર આપ્યું અને ત્યાં તેમની માતા સાથે રહેવાનું સૂચન કર્યું. ૧૬ વર્ષની આયુમાં તેમના લગ્ન આટકોટ ની વીરબાઈ સાથે થયા. વીરબાઈ પણ ભગત આત્મા હતી, આથી તેમણે પતિની આ પ્રવૃત્તિમાં તેનો સાથ આપ્યો. અઢાર વર્ષની આયુમાં તેઓને સંસાર વૈરાગ્ય આવી ગયો, આથી તેમણે કાશીની યાત્રાએ જવાનું નક્કી કર્યું, તેમાં પણ વીરબાઈ મા એ તેનો સાથ આપ્યો, અને તેની સાથે જોડાયા. ફતેપુરના ભોજાભગતે જલારામની ઈશ્વર પ્રત્યેની અનન્ય શ્રદ્ધા જોઈને, રામની મૂર્તિ, માળા, અને રામનામનો મંત્ર આપ્યો, અને આ રીતે તેમને એક ધ્યેય પ્રાપ્ત થયું. આજે પણ જલારામ મંદિર ખાતે કાચની પેટીમાં આ વસ્તુ સાચવવામાં આવી છે. તેઓએ તે મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરી, અને વીરપુરમાં રામનું મંદિર બનાવ્યું. ઈતિહાસની વધુ એક દંતકથા એવું કહે છે કે, એક સંત મહાતમાં ત્યાં આવ્યાં અને તેમણે કહ્યું કે આ જગ્યાએ ખોદકામ કરવાથી હનુમાનજીની મૂર્તિ નીકળશે, અને તેવું થયું, પછી રામની સાથે લક્ષ્મણ અને સીતાની પણ સ્થાપના કરવામાં આવી. તે દિવસથી જલારામ ખાતે સદાવ્રત ચાલે છે, અહીં કોઈપણ જાતના જ્ઞાતિભેદ વગર દરેકને ભોજન પીરસવામાં આવે છે. સાધુ સંતોની ત્યાં નિત્ય આવન-જાવન રહેતી હતી. પતિ-પત્ની બંને આ રીતે દિન દુખીયા અને સાધુસંતોની સેવા કરતા હતા. સમાજમાં રોગથી પીડિત કે પછી કોઈ અન્ય કારણોથી પીડિત લોકો જલારામ બાપા પાસે અનન્ય શ્રદ્ધા લઈને પહોંચતા, અને તેઓ ભગવાન રામ પાસે પ્રાર્થના કરતા. આ રીતે આવનાર વ્યક્તિની સમસ્યાનું શમન થતું હોવાથી, આ રીતે પણ જલારામ બાપા પ્રખ્યાત થયા, અને લોક સેવાના પ્રકલ્પ ને પણ સારું એવું ઈશ્વરીય પીઠબળ રહ્યું. લોકોએ આ કિસ્સાઓને એકત્ર કરી અને તેમના પરચાનું જલારામ જ્યોત એવું પુસ્તક પણ છપાવ્યું છે, પરંતુ આપણે તેમાં નહીં જઈએ.

પતિ-પત્ની બંને સમાજની તથા સાધુ-સંતોની ખૂબ જ સેવા કરતા હતા, એવામાં એક દિવસ એક અપંગ સાધુ આવે છે, અને વીરબાઈની માંગણી કરે છે, જલારામ બાપા વીરબાઈ મા સાથે મસલત કરે છે, અને એ સાધુને હા પાડે છે, અને કોઈપણ પ્રકારની આનાકાની કે ઉદ્વેગ વગર વીરબાઈ મા તે સંતની સેવા માટે તેની સાથે ચાલે છે. થોડેક દૂર આગળ જંગલમાં હમણાં આવું છું, કહીને એ સાધુ વીરબાઈ મા ને એક સ્થાને બેસાડી અને ચાલ્યા જાય છે, ઘણી પ્રતીક્ષા કર્યા બાદ પણ તે આવતા નથી, અને આકાશવાણી થાય છે, કે સ્વયં ભગવાન આ પતિ પત્નીની પરિક્ષા કરવા આવ્યા હતા. તે જ્યારે ગયા ત્યારે એક દંડ અને ઝોળી આપતા ગયા હતાં, જે લઈ અને વીરબાઈ મા ઘરે પાછા ફરે છે, અને કહેવાય છે કે આ ઝોળી એ અક્ષય પાત્ર નું કાર્ય કરે છે, અને આજ સુધી આ સદાવ્રત અખંડ રીતે ચાલે છે. તત્વતઃ આ વાત એ સિદ્ધ કરે છે, કે કોઈ પણ પ્રકારની શુદ્ધ ભાવનાથી કરેલો સંકલ્પ ઈશ્વર અવશ્ય પૂરો કરે છે.


ગુજરાત ના સૌરાષ્ટ્ર પંથકમાં રહેણાક હોવાથી જલારામ મંદિરના બે-ત્રણ વાર દર્શન પણ કર્યા છે, અને પ્રસાદ પણ ગ્રહણ કર્યો છે. નાનપણમાં એક સખી લોહાણા જ્ઞાતિની હોવાથી, જલારામ જયંતીએ થતાં જ્ઞાતિ ભોજનમાં પણ પ્રસાદ લીધો છે. આમ તો તેના વિશેની જાણકારી, અને શ્રદ્ધા મોરારીબાપુની કથા સાંભળવાથી વધી છે. બાપુની તો પહેલેથી જ ભજન, ભોજન, અને ભાવનાની ત્રિવેણીમાં રુચિ રહેલી છે.ભૂખ્યાને ભોજન કરાવવું, તેનાથી મોટું કોઈ ભજન નથી. આ શીખ તેમની પાસેથી પ્રાપ્ત થઈ છે, અને એ સત્ય પણ છે. જીવ આવા નાના-મોટા પ્રયોગો કરીને, જીવનમાં સત્ય પ્રેમ ને કરુણા અને પ્રાપ્ત કરવા સતત પ્રયત્નશીલ રહે છે. કોઈપણ જાતનું તપ ન કરી શકનાર પણ આવા નના નાના નિયમ લઈને જીવનમાં શુદ્ધ ભાવના મેળવી શકે છે. કંઈ જ કરવાનું નથી, માત્ર આપણામાંથી થોડોક ભાગ પાડવાની ટેવ પાડવાની છે, જે કંઈ હોય તેમાં પ્રકૃતિના અન્ય જીવનો પણ હક છે, એમ સમજી અને તે આપવું, અને એ મારી ફરજ પણ છે. આ બે વાતને કેન્દ્રમાં રાખીને જીવન જીવવાની શરૂઆત, આ નવા વર્ષથી કરીએ તો ખરેખર આવતીકાલ ઘણી ઉજ્જવળ છે. આપણે સંસારીઓ આખો આખો દિવસ તપ કે હરિ સ્મરણ કરી શકવાના નથી, પરંતુ આ રીતે કોઈને ભોજન કરાવી એ કે તેના દુઃખદર્દને ઓછા કરીએ, તો કાળનો પ્રભાવ ઘટશે, અને કળિયુગથી સતયુગ સુધીનું અંતર પણ આ જ રીતે ઓછું થશે. કીડીને કણથી શરુઆત કરી શકાય,અને સારું લાગે તો આ પ્રયોગ વધુ સફળ બનાવવા માટે સંકલિત થવું. જીવનમાં આજ સુધી દિશાહીન થઈ ખૂબ જ ભટક્યા, અને તેનું પરિણામ પણ આજે આખું વિશ્વ ભોગવી રહ્યું છે, તો આવા કોઈ બુદ્ધ પુરુષ ને યાદ કરી, અને નાની-મોટી સેવાનો સંકલ્પ લઈ અને દરેક જણ જીવે અને પોતાના જીવનમાં ધર્મની સદભાવના મેળવીને જીવન સુરક્ષિત કરે, એવી એક અનન્ય પ્રાર્થના સાથે હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજનાં દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# મને કોઈ સુખ દુઃખ આપે છે એ કલ્પના ભ્રામક છે એવી કલ્પનામાંથી બીજા જીવ પ્રત્યે વેરભાવ જાગશે સદા સર્વદા મનને સમજાવો, તને જે સુખ દુઃખ થાય છે તારા કર્મનું ફળ છે




**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



સૌ વાચક ચાહક શુભેચ્છકો જય માતાજી, નૂતનવર્ષાભિનંદન.. ગઈ કાલે રોટી સંત જલારામ બાપાની ૨૨૪મી જન્મ જયંતીની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી. આજે ભગવદ્ જ્ઞાનમાં જોઈએ તો જ્ઞાની પુરુષો સુખ દુઃખનું કારણ બહાર શોધતા નથી. મને કોઈ સુખ દુઃખ આપે છે એ કલ્પના ભ્રામક છે.એવી કલ્પનામાંથી બીજા જીવ પ્રત્યે વેરભાવ જાગશે સદા સર્વદા મનને સમજાવો.તને જે સુખ દુઃખ થાય છે તારા કર્મનું ફળ છે.

રામજીને કર્મનું બંધન નથી.તેઓ તો કર્મથી પર છે. રામજી પોતાની ઈચ્છાથી પ્રગટ થાય છે.જીવ પોતાનાં કર્મનાં બળે કરીને જન્મે છે. પરમાત્મા જ્યારે લીલા કરવા આવે છે, ત્યારે કર્મની મર્યાદામાં રહે છે. જગતને એવો આદર્શ બતાવે છે કે, હું ઈશ્વર છું છતાં હું કર્મની મર્યાદા પાળું છું.આ ભગવાનની લીલા છે. કૈકેયીએ રામને વનવાસ આપ્યો. કૌશલ્યા માને અતિ દુઃખ થયું ત્યારે રામજી એ માને કહ્યું કે,આ મારાં કર્મનું ફળ છે.પૂર્વજન્મમાં મેં કૈકેયીને દુઃખ આપ્યું હતું તેનું આ ફળ છે. મેં પરશુરામ અવતારમાં જે કર્યું હતું તે રામાવતારમાં ભોગવવાનો વખત આવ્યો. પૂર્વજન્મમાં કૈકેયી રેણુકા હતી, જમદગ્નિ ઋષિની પત્ની અને પરશુ રામની મા એક વખત રેણુકાને મનમાં વિચાર આવ્યો કે, ગંધર્વ કન્યા જેવું સુખ મને મળ્યું નહીં. આમ મનથી વ્યભિ ચાર થયો તે ઋષિ જમદગ્નિના જાણવામાં આવ્યું.તેમણે પરશુ રામને કહ્યું કે, તારી મા પાપી છે, તેને મારી નાંખ. પરશુરામને આજ્ઞા થઈ તેથી તેણે માને મારી નાખી. રામજી કૌશલ્યાને સમજાવે છે કે, પૂર્વજન્મમાં મેં માને દુઃખ આપ્યું, તેથી આ જન્મમાં મને કેકેયી મા દુઃખ આપે છે. મહાત્માઓ તો ત્યાં સુધી કહે છે કે,રામે રામાવતારમાં જે વાલીને માર્યો તે જ વાલી શ્રી કૃષ્ણાવતારમાં પારધી થઈને આવ્યો અને ભગવાનને બાણ મારેલું. કરેલાં કર્મનું ફળ ભોગવવું પડે છે. આખી રાત લક્ષ્મણજી અને ગુહક વચ્ચે આ પ્રમાણે વાતો થઈ. બ્રહ્મ મુહૂર્તમાં રામજી સ્નાન કરી શિવ પૂજન કરે છે. રઘુનાથજી બતાવે છે કે, હું ઈશ્વર છું છતાં શિવ પૂજન કરું છું. ગુહક ઘરે જવા ના પાડે છે. રામજી કહે છે, સારું ચિત્રકૂટમાં હું નિવાસ કરું અને પછી તમે ઘરે જજો. ભગવાન ધીમે ધીમે પ્રયાણ કરે છે. પછી પ્રયાગ રાજ પધાર્યા છે. ત્યાં ભરદ્વાજ મુનિનો આશ્રમ છે. દ્વાજને કાનમાં ભરી રાખે તે ભર દ્વાજ. દ્વાજ એટલે ગુરુ શિષ્ય નો બોધ. તમે ભરદ્વાજ થશો તો તમારે ત્યાં પરમાત્મા આવશે.

રામ, સીતા, લક્ષ્મણ ભરદ્વાજ મુનિના આશ્રમમાં આવ્યા. બીજા ઋષિઓને ખબર પડતાં તે પણ આવ્યા છે. ભરદ્વાજ મુનિ કહે છે કે, આજ સુધી જે સાધન કર્યું તેનું ફળ મને મળી ગયું. સર્વ સાધનનું ફળ ભગવાનનાં દર્શન. ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન કર્યા વગર જીવન સફળ થતું નથી. એક રાત્રિ પ્રભુએ ત્યાં મુકામ કર્યો. બીજે દિવસે પ્રભુ વાલ્મીકિ ઋષિના આશ્રમમાં આવ્યા વાલ્મીકિએ રામકથા સમાધિ ભાષામાં લખી છે. રામજી નું પ્રાગટ્ય થતાં પહેલાં વાલ્મીકિએ રામાયણ લખ્યું છે. વાલ્મીકિ આદિ કવિ છે. વાલ્મીકિના મુખમાં થી પહેલો શ્લોક નીકળ્યો.તે પહેલાં જગતમાં શ્લોક ન હતો. આ આદિશ્લોક છે. એક પારધીએ ક્રૌંચને બાણ માર્યું. વાલ્મીકિ આ દ્રશ્ય જોઈ બહુ વ્યાકુળ થયા અને પારધીને ઠપકો આપ્યો.એ ઠપકા નો શ્લોક તે વિશ્વનો પહેલો શ્લોક છે,આદિ કવિતાનું એ મંગલ પ્રભાત છે. વાલ્મીકિના આશ્રમમાં શ્રીરામ, લક્ષ્મણ, જાનકીજી પધાર્યા. રામચંદ્રજીએ વાલ્મીકિની સ્તુતિ કરી ત્યારે વાલ્મીકિ કહે, આ તો સત્સંગનું ફળ છે. પહેલાં વાલિયો ભીલ હતો અને લૂંટફાટનો ધંધો કરતો, પણ નારદજીના સત્સંગથી મારું જીવન સુધરી ગયું. નારદજીએ મને પૂછ્યું કે, તું કોના માટે પાપ કરે છે? મેં જવાબ આપ્યો કે, મારા કુટુંબ માટે! ત્યારે નારદજીએ મને કહ્યું કે, તારા આ પાપમાં તારા કુટુંબના સભ્યો ભાગીદાર થશે? મેં જવાબ આપ્યો કે, કેમ નહીં? નારદજીએ કહ્યું, જા, પૂછીને ખાતરી તો કર! હું ઘરે ગયો. મેં મારી પત્ની અને પુત્રોને પૂછ્યું કે, હું જે પાપ કરું છું તેમાં તમે ભાગીદાર ખરાં કે નહીં? તો બધાંએ જવાબ આપ્યો કે, પાપ કરે તે ભોગવે. અમારે શું? આ સાંભળી મારો મોહ નષ્ટ થયો! પછી મને નારદજીએ રામ નામનો મંત્ર આપ્યો. મારા જેવા પાપીના મુખમાંથી રામ રામને બદલે મરા મરા શબ્દ નીકળવા લાગ્યો. છતાં પ્રભુએ મારા ઉપર કૃપા કરી.મારો ઉદ્ધાર થયો. જેના ઉપર કૃપા કરી આપ પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવી દો છો તે જ આપને જાણી શકે છે અને આપને જાણ્યા પછી તે આપનું સ્વરૂપ બની જાય છે. તુલસીદાસજીએ રામાયણમાં પૂર્ણ અદ્વૈતનું વર્ણન કર્યું છે. ભક્ત અને ભગવાનમાં અંતે કંઈ ભેદ રહેતો નથી.

પ્રભુએ વાલ્મીકિ ઋષિને પૂછ્યું કે, અમારે વનમાં ક્યાં નિવાસ કરવો? કોઈ સ્થાન બતાવો!ત્યારે વાલ્મીકિ કહે છે, જેના કાન સમુદ્ર સમાન છે,એવા સમુદ્ર સમાન કે જેમાં તમારી કથારૂપી સેંકડો નદીઓ સખત ઠલવાતી રહે છે છતાં જે કદી છલકાતો નથી એવા ભક્તના હૃદયમાં તમારો વાસ છે. જેના હૃદયમાં કામ, ક્રોધ, મદ, મોહ, અભિમાન, લોભ, રાગદ્વેષ, દંભ કે કપટ વગેરે નથી તે હૃદયમાં તમારો વાસ છે. જે સૌને હિતકારી છે. સૌનું પ્રિય કરનારો છે. સુખ દુઃખ, નિંદાસ્તુતિ જેને સરખાં છે, જે સત્ય અને પ્રિય વચન બોલનારો છે અને જાગતાં-ઊંઘતાં તમારું શરણ શોધે છે, તમારા સિવાય જેની બીજી ગતિ નથી તેના હૃદયમાં તમારો વાસ છે. પરસ્ત્રીને જે માતાસમી ગણે છે, પર દુઃખે જે દુઃખી છે, અને પરસુખે જે સુખી છે અને જેને તમે પ્રાણ સમ પ્યારા છો,જેનાં માતા પિતા, સખા, સ્વામી અને ગુરુ તમે છો તેના મનમંદિરમાં પ્રભુ તમારો વાસ છે તે હું જાણું છું. - તમે બે ભાઈઓને સીતાજી ત્રણે ત્યાં વસો!ભગવાનનો વાસ ભક્તો ના અંતરમાં છે.એ ભક્તોનાં લક્ષણો વાલ્મીકિએ અહીં બતાવ્યાં છે. આ લક્ષણો જેનામાં હોય તેની અંદર રામજી વસશે. પછી વાલ્મીકિ કહે છે, મહારાજ, તમે કહો છો, મને રહેવાની જગ્યા બતાવો.તો આપ ક્યાં નથી? તમારી આ લીલા છે. એટલે હું આપને સ્થાન બતાવું છું. ચિત્રકૂટ પર્વત ઉપર આપ બિરાજો!

ચિત્ત એ ચિત્રકૂટ છે. અંતઃ કરણ પરમાત્મા સ્વરૂપનું સતત ધ્યાન કરે ત્યારે તેને ચિત્ત કહે છે.ચિંતન કરવું ચિત્તનો ધર્મ છે. નિશ્ચય કરવો એ બુદ્ધિનો ધર્મ છે,સંકલ્પ-વિકલ્પ કરવા એ મનનો -ધર્મ છે. એક જ અંતઃકરણના આ ભેદો છે.આજ્ઞા નથી,પાપ થાય છે.અજ્ઞાન ચિત્તમાં છે અને ચિત્તમાં જો પરમાત્મા આવે તો જીવ કૃતકૃત્ય થાય છે. લક્ષ્મણ વૈરાગ્ય છે, સીતાજી પરા ભક્તિનું સ્વરૂપ છે.રામ એ પરમાત્મા છે. રઘુનાથજી મંદાકિની ના કિનારે પધાર્યા છે. અત્રિઋષિનો ત્યાં આશ્રમ છે. અત્રિઋષિ વયો વૃદ્ધ થયા હતા. તેનો ગંગાસ્નાનનો નિયમ હતો, પણ ગંગાસ્નાન માટે જઈ શકાતું નહોતું તેથી અનસૂયા એ ગંગાજીને પ્રાર્થના કરી કે,તમે મારા આશ્રમમાં પ્રગટ થાવ અને ગંગાજી ત્યાં પ્રગટ થયાં છે. તુલસીદાસજીને ચિત્રકૂટના ઘાટ પર રઘુનાથજીનાં દર્શન થયાં છે. તુલસીદાજી ચંદન ઘસે છે અને રામજી તિલક કરે છે. પણ તુલસી દાસજીને ખબર નથી.ત્યારે હનુમાનજી એમને એક ઠંહો બોલી ચેતવે છે. રામજી આપણા ચિત્તમાં આવે તો આપણો ચિત્રકૂટ પવિત્ર થાય. રઘુનાથજી ચિત્રકૂટ આવ્યા છે તે ખબર પડતાં ભીલ, કિરાત વગેરે લોકો રામચંદ્રજીનાં દર્શન કરવા આવે છે. રામનાં દર્શન કરતાં જડ ચેતન બને છે.રામજીનાં દર્શન માત્ર થી આ વનવાસીઓનો સ્વભાવ બદલાયો. તેઓનું ધન સુધરી ગયું. તેઓ કહે છે, અહીંના વન,પહાડ, ગુફા અમારા જોયેલાં છે.આપ કહેશો ત્યાં અને અમ કઈ જ લેશું. અમે તમારા સેવકો છીએ. અસ્તુ.

## ઊંઘમાં તમને પણ થાય છે આવો ભાસ?



ઘણી વખત તમે ભર ઊંઘમાં હોવ અને અચાનક એવો ભાસ થાય કે તમે ઊંચાઈથી પડી રહ્યા હોવ એવો ભાસ થાય છેપ બસ આ અનુભવ પછી આંખોમાંથી ઊંઘ ગાયબ થઈ જાય છે અને તમે તમારી જાતને સરસ મજાના બેડમાં સૂતેલા જુઓ છો. આવા સમયે ઘણી વખત સવાલ થાય છે કે આવું કેમ થતું હશે, આવું થવાનું કારણ શું? આજે આ આર્ટિકલમાં તમને આનું કારણ જણાવીશુંપ સાયન્ટિફિક ભાષામાં આ પ્રક્રિયાને હિપ્નિક જર્ક તરીકે ઓળખવામાં આવે છે અને આ સમયગાળા દરમિયાન તમને આભાસ અને વાસ્તવિકતા વચ્ચેના અંતરનો ખ્યાલ જ નથી આવતો. આપણું મગજ કાયમ આપણા શરીરને કન્ટ્રોલ કરે છે અને એને એવી ટેવ હોય છે. મગજને શરીરના બધા અવયવોની માહિતી હોય છે. ક્યારે આપણે શ્વાસ લઈએ છીએ, ક્યારે ઊંઘીએ છીએ વગેરે વગેરે જેવી માહિતી મગજ પાસે હોય છે. સાવ સીધા શબ્દોમાં કહેવાનું થાય તો આપણું મગજ એ આપણા શરીરના કોમ્પ્યુટરનું સીપીયુ છે અને તે આપણને કોઈ પણ પ્રકારના જોખમથી બચાવવાનું કામ કરે છે. જોખમ જણાતા તે તાત્કાલિક આપણા મગજને સરંક્ષણ માટેના સિગ્નલ મોકલાવવાનું શરુ કરે છે. બેક ટુ ટ્રેક આવીએ અને વાત કરીએ તો જ્યારે આપણને ઊંઘમાં ઊંચાઈ પરથી પડી રહ્યા હોવાનો ભાસ થાય છે એ ઘટનાને હિપ્નિક જર્ક તરીકે ઓળખવવામાં આવે છે. આવો ભાસ જ્યારે પણ આપણને થાય છે ત્યારે આપણને ઊંઘ આવતી હોય છે અને આંખો બંધ થતી હોય છે. હાર્ટબીટ મંદ પડી રહી હોય છે અને આવી પરિસ્થિતિમાં ઘણી વખત મગજ ગૂંચવાઈ જાય છે. આપણું મૃત્યુ તો નથી થઈ રહ્યું ને એવી શંકા મગજને પડે છે અને તે તાત્કાલિક કાર્યરત થઈ જાય છે. આપણને જગાડવા માટે મગજ ખૂબ જ સ્માર્ટ ટેક્નિકનો ઉપયોગ કરે છે. મગજ આપણને એવો ભાસ કરાવે છે કે આપણે ઊંચાઈ પરથી પડી રહ્યા છીએ. આવી સ્થિતિમાં મગજ સિગ્નલ મોકલાવે છે અને આ સિગ્નલ મળતાં જ એક ઝટકો લાગે છે આપણને અને આપણે જાગી ઉઠીએ છીએ. આ રીતે મગજ પોતાની કામ પૂરું કરે છે અને આપણે જાગી જઈએ એટલે આપણે જીવતા છીએ એવું સમાધાન મગજને થાય છે.

# લંચ કે ડિનર પછી ભૂલથી પણ નહીં કરશો આ પાંચ કામ, નહીંતર....

## આખરે એવી કઈ પાંચ આદતો છે જે તમારે જમ્યા બાદ કરવાનું ટાળવું જોઈએ

ઘણા લોકોને લંચ કે ડિનર કર્યા પછી ડેઝર્ટ કે મીઠાઈ ખાવાનું ખૂબ જ પસંદ હોય છે તો વળી કેટલાક લોકોને તરત જ ઊંઘવાની આદત હોય છે. વળી કેટલાક લોકો એવા પણ હોય છે કે જેમને ભોજન કર્યા પછી સ્મોક કરવાની આદત હોય છે. પણ શું તમને ખબર છે કે આ સિવાય પણ પાંચેક એવી આદતો છે કે જે કરવાનું તમારે ટાળવું જ જોઈએ, કારણ કે તમારી આ આદતની આરોગ્ય પર વિપરીત અસર જોવા મળી શકે છે. મોટા ભાગના લોકોને જમ્યા પછી તરત જ સૂઈ જવાની આદત હોય છે, પણ આવું કરવું આરોગ્ય માટે જોખમી છે અને આવું કરવાનું ટાળવું જોઈએ. ભોજન લીધા પછી તરત સૂઈ જવાથી પાચનક્રિયામાં અવરોધ ઊભો થાય છે અને ફૂડને ડાઈજેસ્ટ થવામાં લાંબો સમય લાગી શકે છે.



ઘણા લોકોને જમ્યા પછી તરત જ ધૂમ્રપાન કરવાની આદત હોય છે અને જો તમને પણ આવી ટેવ હોય તો આજે જ આ ટેવને છોડી દો, કારણ કે ખાધા પછી તરત જ સ્મોકિંગ કરવાથી સ્વાસ્થ્ય પર તેની ખરાબ અસર જોવા છે, આ સાથે સાથે જ તેની તમારા મેટાબોલિઝમ પર પણ ખરાબ અસર જોવા મળી શકે છે. આરોગ્ય નિષ્ણાતોના મતે જમ્યા પછી ધૂમ્રપાન કરવું એ ૧૦ સિગારેટ પીવા જેટલું નુકસાન કરે છે. ક્યારેય પણ ભારે ભોજન કર્યા પછી તરત જ નહાવાની ભૂલ ન કરવી જોઈએ. આવું કરવાથી પાચન પ્રક્રિયાને મંદ પડે છે. જમ્યા બાદ નહાવાથી પેટની આસપાસ બ્લડ સર્ક્યુલેશન પર અસર જોવા મળે છે. સ્નાન કરતી વખતે, લોહી શરીરના બાકીના ભાગમાં સર્ક્યુલેટ છે અને પાચન ક્રિયામાં અવરોધ ઉભો કરે છે.

ફળોનું સેવન કરવું સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે, એ વાતમાં કોઈ શંકા જ નથી, પરંતુ ભોજન કર્યા પછી તરત જ ફ્રૂટ્સનું સેવન કરવાનું ટાળવું જોઈએ, કારણ કે જમ્યા પછી ફળ ખાવાથી અપચો થઈ શકે છે. ફળો ખાવાનો શ્રેષ્ઠ સમય ભોજન પહેલાં અથવા પછીના બે કલાક માનવામાં આવે છે.

ચા એસિડિક હોય છે, કારણ કે તેમાં કેફીન હોય છે. જો તમને પણ જમ્યા પછી ચા પીવાની આદત હોય તો ખોરાક પચવામાં મુશ્કેલી પડી શકે છે. ફૂડ પાર્ટિકલ્સને તૂટવા માટે લાંબો સમય લાગી શકે છે અને જમ્યા પછી ચા પીવાથી આયર્નના શોષણમાં અવરોધ આવી શકે છે. આ જ કારણ છે કે ભોજન કર્યા પછી ચા પીવાનું ટાળવું જોઈએ.

## તરત જ બદલો આવી આદતો



જ્યારે કોઈ વ્યક્તિનું વજન અચાનક વધવા લાગે છે તો તેની પાછળ કેટલીક આદતો જવાબદાર હોઈ શકે છે. આવી સ્થિતિમાં આ આદતો પ્રત્યે સજાગ રહેવું જરૂરી છે. જાણો તેમના વિશેપ જ્યારે કોઈ વ્યક્તિનું વજન વધે છે, ત્યારે તે તેને ઘટાડવા માટે શું ઉપાય અપનાવે છે તે ખબર નથી. પરંતુ જો આપણે પહેલાથી જ જાણીએ કે કઈ આદતોથી વજન વધે છે, તો આપણે આપણું વજન વધતું અટકાવી શકીએ છીએ. હકીકત તો એ છે કે વજન વધવા માટે આપણી ખોટી જીવનશૈલી જ જવાબદાર હોય છે. આપણે આપણી જીવનશૈલીને જાણી જરૂર લાગે તો તેમાં યોગ્ય સુધારા કરી વજન વધતું અટકાવી શકીએ છીએ. આવી સ્થિતિમાં તેમના વિશે જાણવું જરૂરી છે. આજનો લેખ આ વિષય પર છે. આજે અમે તમને આ લેખ દ્વારા જણાવીશું કે કઈ આદતો આપણા વજનમાં વધારો કરવા માટે જવાબદાર હોઈ શકે છે. જો તમે તમારા વજનને નિયંત્રિત કરવા માંગો છો, તો સમયસર ખાવું જરૂરી છે. તણાવપૂર્ણ જીવનશૈલીના કારણે ઘણા લોકો માટે સમયસર જમવું શક્ય નથી હોતું. સમયસર ન ખાવાથી વ્યક્તિનું વજન વધી શકે છે. તમને નવાઈ લાગશે, પણ આ સાચી વાત છે.

પાણી પીવાથી વ્યક્તિના શરીરમાંથી ટોક્સિન્સ બહાર નીકળી શકે છે, પરંતુ જ્યારે વ્યક્તિ પુષ્કળ પ્રમાણમાં પાણી ન પીએ તો તેમાંથી ઝેરી તત્વો બહાર નથી આવતા અને વજન વધવાની સમસ્યા થઈ શકે છે. તંદુરસ્ત વ્યક્તિ માટે ઓછામાં ઓછી ૭ થી ૮ કલાકની ઊંઘ લેવી જરૂરી છે. આવી સ્થિતિમાં, જ્યારે વ્યક્તિ યોગ્ય રીતે ઊંઘી શકતો નથી કે તેની ઊંઘ પૂરી નથી થતી તો તે વ્યક્તિનું વજન વધી શકે છે.

## રાત્રે દહીં ખાવાથી થઈ શકે છે આ સમસ્યાઓ, જાણો રાત્રે દહીં ન ખાવાનું સાચું કારણ



જો તમે વડીલો ને પૂછો કે રાત્રે દહીં ખાવું જોઈએ તો તેઓ કડક શબ્દોમાં ના કહી દેશે. રાત્રે દહીં ખાવાની મોટાભાગના લોકો ના પાડે છે. તેનું કારણ પૂછવામાં આવે તો અલગ અલગ કારણ જણાવવામાં આવે છે. પરંતુ મોટાભાગના લોકો રાત્રે દહીં શા માટે ન ખાવું તેનું સાચું કારણ જાણતા નથી. આજે તમને રાત્રે દહીં ન ખાવાનું સાચું કારણ જણાવીએ. સ્વાસ્થ્ય નિષ્ણાંતો જણાવે છે કે રાત્રે પણ દહીં ખાઈ શકાય પરંતુ રાત્રે દહીં ખાતી વખતે કેટલીક બાબતોનું ધ્યાન રાખવું જરૂરી છે. રાત્રે જો દહીં ખાવું હોય તો ખૂબ જ ઓછી માત્રામાં ખાવું જોઈએ. રાત્રે દહીં ખાવાની મનાઈ મોટાભાગના લોકો એટલા માટે કરે છે કે ડેરી પ્રોડક્ટ ફેટ અને પ્રોટીનથી ભરપૂર હોય છે. તેવામાં રાત્રે આ પ્રકારની વસ્તુઓ ખાવાથી પાચનમાં સમસ્યા થાય છે. જો પાચન બરાબર ન થાય તો અપચો, અનિંદ્રા જેવી સમસ્યાઓ થઈ શકે છે.

## ઢગલાબંધ પોષક તત્વોથી ભરપુર છે આ ફ્રૂટ!



આજે અમે તમને નોની ફળના સ્વાસ્થ્ય લાભો રજૂ કરીએ છીએ જીં હા, નોની એક એવું ફળ છે જે ઔષધિઓની યાદીમાં સમાવિષ્ટ છે, જેના પાંદડા, દાંડી, ફળ અને રસ તમામ દવા તરીકે વપરાય છે. એવું કહેવાય છે કે આ ચમત્કારિક ફળ ૧૦૦ થી વધુ રોગોને દૂર કરવાની શક્તિ ધરાવે છે અને ૧૫૦ થી વધુ પોષક તત્વો મળી આવે છે. નોની ફળોના ઔષધીય ગુણધર્મોને કારણે, તેનો ઉપયોગ રોગપ્રતિકારક શક્તિ વધારવા અને બિનઝેરીકરણ માટે પ્રાચીન સમયથી કરવામાં આવે છે. તે એન્ટીઓકિસડન્ટ, વિટામિન સી, વિટામિન બી ૩, વિટામિન એ અને આયર્નથી સમૃદ્ધ છે. તે ઘણા રોગોના ઉપચારમાં અસરકારક છે.જો નોની ફળોનું સેવન કરવામાં આવે તો કેન્સર જેવા જીવલેણ રોગોને પણ રોકી શકાય છે. તમે સરળતાથી નોની જ્યુસ બજારમાં મેળવી શકો છો.

BOLLYWOOD NEWS FLASH

### રણબીર-આલિયાની દીકરી રાહા એક વર્ષની થઈ છે ત્યારે કરીનાએ આલિયાને બીજું બાળક લાવવાની સલાહ આપી

## આલિયા અને રણબીર વચ્ચે દીકરીના મુદ્દે થાય છે ઝઘડો



। મુંબઈ, તા.૧૯ ।

કરણ જોહરના ચેટ શો "કોફી વિથ કરણ ૮"ના ચોથા એપિસોડમાં ગેસ્ટ બનીને નણંદ-ભાભીની જોડી આવવાની છે. આલિયા ભટ્ટ અને કરીના કપૂર પહેલીવાર કોફી કાઉચ પર સાથે જોવા મળશે. જણાવી દઈએ કે, આલિયા ભટ્ટ કરીનાના પિતરાઈ ભાઈ રણબીર કપૂરની પત્ની છે. શોના આગામી એપિસોડની વિગતો બહાર આવી છે. જેમાં બે દીકરાઓની માતા કરીના કપૂરે આલિયાને પણ પરિવાર મોટો કરવાની સલાહ આપી છે. રણબીર કપૂર અને આલિયા ભટ્ટની એક દીકરી છે રાહા, જે ૬ નવેમ્બરે એક વર્ષની થઈ છે. એવામાં કરીનાએ આલિયાને બીજું બાળક લાવવાની સલાહ આપી છે.

'કોફી વિથ કરણ'ની ૮મી સીઝનના આગામી એપિસોડમાં આલિયા ભટ્ટે પતિ રણબીર સાથેના સંબંધોના સમીકરણ વિશે વાત કરી હતી. આલિયાએ કહ્યું કે, રાહા જોડે ક્વોલિટી ટાઈમ વિતાવવા મુદ્દે તેની અને રણબીર વચ્ચે મીઠી તકરાર થતી રહે છે. "કેટલીવાર હું અને રણબીર રાહા સાથે ક્વોલિટી ટાઈમ વિતાવવા માટે ઝઘડીએ છીએ. અમે એકબીજાને કહીએ છીએ કે, તે રમાડી લીધી, હવે મને આપ." ત્યારે આ સમસ્યાનો ઉકેલ લાવતાં કરીનાએ સલાહ આપી કે, "આ સંકેત છે કે તમે બીજું એક બાળક લાવી દો. જેથી તમારી બંને પાસે એક-એક બાળક હોય."

'કોફી વિથ કરણ ૮'ના ચોથા એપિસોડનો પ્રોમો થોડા દિવસ પહેલા જ કરણ જોહરે શેર કર્યો હતો. જેમાં તે આલિયાની ઓળખ પોતાના પહેલા સંતાન તરીકે આપે છે જ્યારે કરીનાને સ્પીરિટ સોલ કહે છે. પ્રોમોમાં જોવા મળે છે કે, કરીના અને આલિયા વચ્ચે જેઠાણી કે નણંદ કે પછી ભાભી શેનો સંબંધ છે તેની ચર્ચા તેઓ કરી રહ્યા છે. ત્યારે કરીના કહે છે કે, હું કોઈની ભાભી નથી. આ પ્રોમો જોયા બાદથી જ ફેન્સ આ એપિસોડ જોવા માટે ખૂબ ઉત્સાહિત છે.

## જવાનની એક્ટ્રેસ નયનતારા પાસે ૧૦૦ કરોડનું ઘર છે

। મુંબઈ, તા.૧૯ ।

નયનતારા આજે તેમનો ૩૯મો જન્મદિવસ ઉજવી રહી છે. તમિળ સિનેમાની લેડી સુપરસ્ટાર કહેવાતી નયનતારા માટે આ વર્ષ ખાસ છે, કારણ કે ૨૦૨૩માં તેમણે શાહરૂખ ખાનની ફિલ્મ 'જવાન'થી બોલિવૂડમાં ધમાકેદાર એન્ટ્રી કરી છે. આ ફિલ્મે બોક્સ ઓફિસ પર અંદાજે ૧૧૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. ૨૦ વર્ષની સફળ ફિલ્મ કારકિર્દીમાં નયનતારાએ ૯૦ થી વધુ ફિલ્મોમાં કામ કર્યું છે, જેમાં તમિળ અને તેલુગુ અને મલયાલમ ફિલ્મોનો સમાવેશ થાય છે.



તે સાઉથની સૌથી વધુ કમાણી કરનાર અભિનેત્રી પણ છે અને ૨૦૧૮માં ફોર્બ્સ ઈન્ડિયા દ્વારા ટોપ સેલિબ્રિટી ૧૦૦ની યાદીમાં તેમનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

નયનતારા પોતાનો ધર્મ બદલવાના કારણે પણ ચર્ચામાં રહી છે. અભિનેતા-ડાન્સરના પ્રભુ દેવા સાથેના તેમના અફેર અને ફિલ્મ નિર્માતા વિગ્નેશ સિવાન સાથેના લગ્નના ચાર મહિના પછી સરોગસી દ્વારા જોડિયા બાળકોની માતા બનવા અંગેના કેટલાક વિવાદો પણ હતા. નયનતારાનો જન્મ ૧૮ નવેમ્બર ૧૯૮૪ના રોજ કર્ણાટકના બેંગલુરુમાં થયો હતો. તેનું અસલી નામ ડાયના મરિયમ કુરિયન છે. તેમના પિતા કુરિયન કોડિયાટ્ટુ ભારતીય વાયુસેનામાં હતા. આ કારણોસર નયનતારાએ દેશના ઘણા શહેરોમાં અભ્યાસ કર્યો કારણ કે તેમના પિતાની બદલી થતી રહી. તેમણે જામનગર, દિલ્હી, તિરુવલ્લા, તિરુમાલાપુરમમાં અભ્યાસ કર્યો છે. નયનતારાએ તિરુવલ્લામાંથી જ અંગ્રેજી સાહિત્યમાં બીએ કર્યું છે.

## અમેરિકામાં "એનિમલ"નું એડવાન્સ બુકીંગ શરૂ થયું

। મુંબઈ, તા.૧૯ ।

ફિલ્મ એનિમલ ભારતમાં ૧ ડિસેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ જ ફિલ્મ અમેરિકામાં ૩૦ નવેમ્બરે રિલીઝ થશે. આ ફિલ્મ અમેરિકામાં ૮૮૮ સ્ક્રીન પર રિલીઝ થશે. જેને ધ્યાનમાં રાખીને એનિમલનું એડવાન્સ બુકિંગ શરૂ કરવામાં આવ્યું છે. ફિલ્મે ગુરુવારે રાત્રે જ ફર્સ્ટ ડે શો માટે એડવાન્સ બુકિંગ દ્વારા ૫૦૦૦ ડોલર એટલે કે રૂ. ૪.૧૬ લાખની કમાણી કરી છે. ફિલ્મ એનિમલ ૩૦ નવેમ્બરે અમેરિકામાં રિલીઝ થવાની છે. ફિલ્મનો પહેલો શો સાંજે સાડા છ વાગ્યે શરૂ થશે. રિપોર્ટ્સ અનુસાર, ફિલ્મ 'એનિમલ' અમેરિકામાં ૮૮૮ સ્ક્રીન્સ પર રિલીઝ થશે. આ સંખ્યા પઠાન, જવાન, જેલર અને રણબીરની ફિલ્મ બ્રહ્માસ્ત્ર કરતાં વધુ છે. બ્રહ્માસ્ત્ર અમેરિકા ૮૧૦ સ્ક્રીન્સ પર રિલીઝ કરવામાં આવી હતી. ફિલ્મ રિલીઝ થવામાં માત્ર બે સપ્તાહ જ બાકી છે અને એડવાન્સ બુકિંગે જોર પકડ્યું છે. ગુરુવાર સુધી અમેરિકામાં ૧૭૨ સ્થળોએ બુકિંગ શરૂ થઈ ગયું હતું અને ૧૦૯૨ ટિકિટ વેચાઈ હતી, જે ઈ૧૯૨૧૭ એટલે કે ૧૬ લાખ રૂપિયાની કમાણી કરી હતી. આ ૧૭૨ સ્થળો પર ૩૪૦ થી વધુ શો યોજવાના હતા. ગઈકાલે રાત્રે જ, ફિલ્મનું એડવાન્સ બુકિંગ વધુ ૬ સ્થળોએ શરૂ થયું હતું, જે અંતર્ગત ૧૪ વધુ શો ઉમેરવામાં આવ્યા છે. ફિલ્મના ફર્સ્ટ ડે શો માટે એકંદરે અત્યાર સુધીમાં ૧૫૦૦ ટિકિટો વેચાઈ ચૂકી છે. ફિલ્મે તેના પ્રીમિયર દિવસે ઈ૨૬,૪૩૩ એટલે કે ૨૨.૦૧ લાખ રૂપિયાની કમાણી કરી છે. ભારતમાં ફિલ્મનું એડવાન્સ બુકિંગ ટૂંક સમયમાં શરૂ થશે. 'એનિમલ' માં રણબીર કપૂર ઉપરાંત સ્ટાર્સ અનિલ કપૂર, બોબી દેઓલ, રશ્મિકા અને તૃપ્તિ ડિમરી છે.

### સલમાને રો એજન્ટ અવિનાશ રાઠોડ ઉર્ફે ટાઈગરનો રોલ કર્યો છે : કૈટરીના પાકિસ્તાની એજન્ટ ઝોયાની ભૂમિકામાં છે

## ટાઈગર-૩ ફિલ્મમાં સલમાન ખાનને મળ્યા ૧૦૦ કરોડ રૂપિયા

। મુંબઈ, તા.૧૯ ।

વર્ષોથી બોલીવુડમાં ફિલ્મના હીરો અને હિરોઈનની ફી વચ્ચે મોટો તફાવત મળે છે. આજના સમયમાં પણ ફીનો આ તફાવત જોવા મળે છે. તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ ટાઈગર ૩ માં પણ આ તફાવત જોવા મળ્યો અને જે ચર્ચાનો વિષય બન્યો છે. આજના સમયની ફિલ્મોમાં અભિનેત્રીઓની ભૂમિકાઓ પણ મહત્વની હોય છે. પરંતુ તેમ છતાં તેમને હીરોની તુલનામાં ઘણી ઓછી ફી ચુકવવામાં આવે છે. મોટા બજેટમાં પણ મોટા સ્ટાર્સ અને મોટા નિર્માતાઓ આ ખામી રાખે છે. તાજેતરમાં જ રિલીઝ થયેલી ફિલ્મ ટાઈગર ૩ માં પણ સલમાન અને કૈટરીનાનું કામ એક સરખું છે પરંતુ ફી ની વાત કરીએ તો કૈટરીનાને સલમાન કરતાં ખૂબ ઓછી ફી મળી છે. ટાઈગર ૩ બોલીવુડના યશ રાજ ફિલ્મ્સની સૌથી મોંઘી ફિલ્મ હોવાનું કહેવાય છે. મીડિયામાં ચાલી રહેલી ચર્ચાઓ અનુસાર આ ફિલ્મ ૩૦૦ કરોડ રૂપિયામાં બની છે. જેમાં માત્ર સલમાન ખાનની ફી ૧૦૦ કરોડ રૂપિયા છે. તેણે આ ફિલ્મમાં રો એજન્ટ અવિનાશ રાઠોડ ઉર્ફે ટાઈગરનો રોલ કર્યો છે. ફિલ્મમાં કૈટરીના પાકિસ્તાની એજન્ટ ઝોયાની ભૂમિકામાં છે. ફિલ્મમાં શાહરૂખ ખાનના કેમિયો સાથેના એક સીનને બાદ કરતાં મોટાભાગના સીનમાં સલમાન-કૈટરીના સમાન રીતે જોવા મળે છે. એક્શન સીન્સમાં પણ તેણે મહેનત કરેલી જોવા મળે છે.



## ૪૦ ગરીબ વિદ્યાર્થીના શિક્ષણનો ખર્ચ એક્ટર મહેશ બાબુ ઉઠાવશે

। મુંબઈ, તા.૧૯ ।

ટોલીવુડના પ્રિન્સ કહેવાતા અભિનેતા મહેશ બાબુ તેમના અભિનય અને ઉમદા કાર્યો માટે જાણીતા છે. તે ઘણીવાર ગરીબોની મદદ કરતા જોવા મળે છે, તેથી તેને દિલથી અમીર પણ કહેવામાં આવે છે. ૨ દિવસ પહેલં તેમના સુપરસ્ટાર પિતા કૃષ્ણા ઘટ્ટમાનેનીની પુણ્યતિથિ હતી. ૧૫ નવેમ્બર ૨૦૨૨ ના રોજ તેમનું અવસાન થયું. આવી સ્થિતિમાં તેમના પિતાની પુણ્યતિથિ પર સાઉથ સ્ટારે તેમની યાદમાં સ્મારક સેવાનું આયોજન કર્યું હતું. આ દરમિયાન મહેશ બાબુએ ગરીબ બાળકોના શિક્ષણનો ખર્ચ ઉઠાવવાની જાહેરાત કરી હતી. તેણે પોતાના પિતાની યાદમાં આ નિર્ણય લીધો છે. અહેવાલ મુજબ, મહેશ બાબુ અને તેની પત્ની નમ્રતા શિરોડકરે વર્ષ ૨૦૨૦માં મહેશ બાબુ ફાઉન્ડેશનની સ્થાપના કરી હતી. તેમના પિતાની પ્રથમ પુણ્યતિથિ પર મહેશ બાબુ ફાઉન્ડેશને સુપરસ્ટાર ક્રિષ્ના શૈક્ષણિક ફંડની સ્થાપના કરી. આ શૈક્ષણિક ફંડ અંતર્ગત આર્થિક રીતે નબળા અને ખાસ કરીને હૃદયરોગથી પીડાતા બાળકોને મદદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તેનો ખર્ચ મહેશ બાબુ ફાઉન્ડેશન હેઠળ ઉઠાવવામાં આવશે. તમને જણાવી દઈએ કે મહેશ અને નમ્રતાનો દીકરો ગૌતમ જન્મથી જ હૃદયની બિમારી સાથે થયો હતો. તે ૪૦ બાળકોને શાળાથી લઈને પોસ્ટ ગ્રેજ્યુએશન સુધીના શિક્ષણમાં મદદ કરવાની વાત થઈ છે. મહેશ બાબુ ફિલ્મો, અભિનય અને અન્ય વ્યવસાયોમાંથી તેમની વાર્ષિક આવકના ૩૦ ટકા જરૂરિયાતમંદ લોકોને દાનમાં આપે છે. આટલું જ નહીં, અભિનેતા લોકોની મદદ કરવામાં ક્યારેય પાછળ રહેતો નથી. વર્ષ ૨૦૧૪માં, તેમણે હુદહુદ ચક્રવાતથી તબાહ થયેલા વિસ્તારના લોકો માટે મદદનો હાથ પણ લંબાવ્યો હતો. તેણે આંધ્ર પ્રદેશ રાહત ફંડમાં ૨૫ લાખ રૂપિયાનું દાન કર્યું હતું. તેના માતા-પિતાએ પણ ૨૫ લાખ રૂપિયા અલગથી દાનમાં આપ્યા હતા. મહેશ બાબુના સારા કાર્યોની ગણતરી કરવી સરળ નથી. તે એનજીઓ ચલાવે છે. અભિનેતા રેઈન્બો ચિલ્ડ્રન્સ હોસ્પિટલ સાથે સહયોગી છે અને હૃદયની બીમારીથી પીડિત ગરીબ બાળકોને મફત સારવાર પણ આપે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તેણે હાર્ટ સર્જરી કરાવીને ૧૦૦૦ થી વધુ બાળકોના જીવ બચાવ્યા છે. એટલું જ નહીં મહેશ બાબુએ બે ગામોને દત્તક પણ લીધા છે. એકે વર્ષ ૨૦૧૫માં પોતાના પિતા કૃષ્ણા બાબુના ગામ બુરીપાલેમને દત્તક લેવાની જાહેરાત કરી હતી, જો કે બાદમાં સમાચાર એવા પણ આવ્યા કે બુરીપાલેમની સાથે તેણે સિદ્દાપુર નામનું બીજું ગામ દત્તક લીધું હતું.

# ‘વિકસિત ભારત સંકલ્પ યાત્રા’ના આયોજન સંદર્ભે અમદાવાદ જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે.ના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઇ

## જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે. દ્વારા સંકલ્પ યાત્રાની પૂર્વ તૈયારીઓની સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરીને જરૂરી સૂચનાઓ આપવામાં આવી




। અમદાવાદ, તા.૧૯ ।

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં સમગ્ર દેશમાં ‘વિકસિત ભારત સંકલ્પ યાત્રા’નો શુભારંભ થઈ ચૂક્યો છે ત્યારે અમદાવાદ જિલ્લામાં પણ વિકસિત ભારત સંકલ્પ યાત્રા ૨૨મી નવેમ્બર, ૨૦૨૩ના રોજથી પ્રારંભ થવાની છે. ‘વિકસિત ભારત સંકલ્પ યાત્રા’ના આયોજન સંદર્ભે અમદાવાદ જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે.ના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવાસદન ખાતે સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે. દ્વારા સંકલ્પ યાત્રાની પૂર્વતૈયારીઓની સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરીને જરૂરી સૂચનાઓ આપવામાં આવી.

અમદાવાદ જિલ્લામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત કુલ ચાર રથ ફરવાના છે. આ રથના માધ્યમથી કેન્દ્ર સરકારની કુલ ૧૭ જનકલ્યાણની યોજનાઓથી કોઈ પણ લાભાર્થી વંચિત ન રહે, તેવા પ્રયાસો હાથ ધરીને યોજનાની ૧00% લક્ષ્યપૂર્તિ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલી સમીક્ષા બેઠકમાં ૧૭ જનકલ્યાણકારી યોજનાના અમલીકરણ અધિકારીશ્રીઓ , તમામ તાલુકાના નોડલ અધિકારીશ્રી તથા અમલીકરણ સમિતિના સભ્યો તેમજ જિલ્લા પંચાયતના સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન આયુષ્યમાન ભારત યોજના, પ્રધાનમંત્રી ગરીબ અન્ન કલ્યાણ યોજના, દીનદયાલ અંત્યોદય યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, ઉજ્જ્વલા યોજના, પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના, કિસાન સન્માન યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ, પોષણ અભિયાન, હર ઘર જલ- જલજીવન મિશન, સ્વામિત્વ યોજના, જનધન યોજના, જીવન જ્યોતિ વીમા યોજના, સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના, નેનો ફર્ટિલાઈઝર યોજના, પ્રાકૃતિક કૃષિ અને રાસાયણિક ખાતરોનો વપરાશ ઓછો કરવા સહિતની ૧૭ યોજનાઓને આવરી લેવામાં આવી છે.




ભરતભાઈ પંડ્યા દિવડા કોલોની, તા.૧૯

શુભ દિપાવલીની ઉજવણી. કડાણા તાલુકાના કડાણા ગામે દીપાવલી પર્વ નિમિતે બ્રહ્મસમાજના એકલિંગજી મહાદેવના મંદરે સવારે સમૂહ આરતી તેમજ સ્નેહમિલનનો પ્રોગ્રામ યોજવામાં આવ્યો. ઉપરાંત મહિલા મંડળ દ્વારા વિવિધ પ્રકારની સ્પર્ધાઓ યોજવામાં આવી જેવીકે રંગોલી, સંગીત ખુરસી, લીંબુ ચમચી, રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું. મંદિર પરિસરમાં સૌએ પ્રસાદ લઈ ધન્યતા અનુભવી.

# એસપીરેશનલ ડીસ્ટ્રીક નર્મદાના ગ્રામ્ય વિસ્તારોમાં ખેતીમાં ડ્રોન ટેક્નોલોજીનો ઉપયોગ

દીપક જગતાપ

। રાજપીપળા, તા.૧૯ ।

એસપીરેશનલ ડીસ્ટ્રીક નર્મદાના ગ્રામ્ય વિસ્તારોમાં ખેતીમાં ડ્રોન ટેક્નોલોજીનો ઉપયોગ થઈ રહ્યો છે. આદિવાસી ગ્રામ્ય વિસ્તારના ખેડૂતો પણ વૈજ્ઞાનિક ઢબે આધુનિક ખેતી કરતા થયાં છે.હાલ નાંદોદ તાલુકાના થરી અને ગુવાર ગામના ખેતરમાં યુરિયા ખાતરનો ડ્રોનથી છંટકાવ કરવામાં આવ્યો હતો. જે ગ્રામજનો સરકારના માર્ગદર્શનથી આધુનિક ખેતીકરવા પ્રેરાયા છે.

નર્મદા જિલ્લામાં કુલ આ યાત્રા ૫૬૨ ગામોનેઆવરી લેતી આ વિકસિત ભારતસંકલ્પ યાત્રા ફરી રહી છે.કેન્દ્ર અને રાજ્ય સરકારની અનેકવિધ પ્રજાલક્ષી ફ્લેગશીપ યોજનાઓનો લાભ જનજન સુધી પહોંચાડી તેનો લાભ આપી રહી છે. એસ્પિરેશનલ નર્મદા જિલ્લાના પ્રત્યેક આદિવાસી બાંધવોના સર્વાંગી વિકાસને સુનિશ્ચિત કરવાની સુદ્રઢ પ્રતિબદ્ધતા સાથે ‘વિકસિત ભારત સંકલ્પ યાત્રા દ્વારા થરી ગામના ખેડૂત દર્શનભાઈ પટેલે જણાવ્યું



કે, અમારા ગામમાં યાત્રાનું આગમન થયું છે. ખેતીમાં જે નવી નવી ટેકનોલોજી આવી છે જેની અમને સમજ આપ વામાં આવી. ડ્રોન ટેકનોલોજીનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આજે મારા ખેતરમાં જ નેનો યુરિયા ખાતરનો ડ્રોનથી છંટકાવ કરવામાં આવ્યો છે. તેનાથી અન્ય ખેડૂતો પણ ખૂબ જ પ્રભાવિત થયા છે. મને પણ સારું લાગ્યું છે. ભવિષ્યમાં તેનો ઉપયોગ કરીને અમારા ખેતીના સમયમાં બચત થશે અને યોગ્ય વળતર પણ મળી રહેશે તેવું લાગી રહ્યું છે. આ યોજના મને ખૂબ સારી લાગી છે. ખેડૂતો માટે ખેતરમાં દવા છંટકાવની યોજના અંતર્ગત આધુનિક ડ્રોન ટેક્નોલોજીના માધ્યમથી કેળના પાકમાં નેનો યુરિયાનો છંટકાવ કરી સ્થળ પર નિદર્શન સાથે ખેડૂતોને યોજના વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

# વિકસિત ભારત સંકલ્પ યાત્રા વહીવટી તંત્ર માટે જનસેવાનો અવસર લઇ આવી છે

। વડોદરા, તા.૧૯ ।

લાભ પાંચમના શુભ દિને મળેલી જિલ્લા ફરિયાદ અને સંકલન સમિતિની બેઠકમાં કલેક્ટર શ્રી અતુલ ગોરે તમામ અધિકારીઓને વડોદરાના વિકાસને નવી ઉંચાઈ ઉપર લઈ જવા માટે આહ્વાન કર્યું હતું. સાથે તેમણે રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાનો લાભ પાત્રતા ધરાવતા તમામ લાભાર્થીઓ સુધી પહોંચાડવા માટે પ્રેરક સૂચન કર્યું હતું. આજની ફરિયાદ અને સંકલન સમિતિની બેઠકમાં જનપ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં સરકારની વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો વિષય કેન્દ્ર સ્થાને રહ્યો હતો. કલેક્ટર શ્રી અતુલ ગોરે જનપ્રતિનિધિઓને આ યાત્રામાં સામાજિક કાર્યકરોને વ્યાપક સ્તરે સાંકળવા માટે અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે, વિકસિત ભારત સંકલ્પ યાત્રા જનસેવા કરવાની તક લાવી છે. જે ગામમાં યાત્રા પહોંચશે ત્યાં પાત્રતા ધરાવતા તમામ લાભાર્થીઓને કેન્દ્ર સરકારની ૧૭ જેટલી યોજનાઓનો લાભ આપવામાં આવશે અને સાથે વિવિધ યોજનાઓની માહિતી પણ આપવામાં આવશે.

# જનકલ્યાણની યોજનાઓને તમામ લાભાર્થીઓ સુધી પહોંચાડીને વિકસિત ભારતના સંકલ્પને મજબૂત કરવાનું મહાઅભિયાન

## અમદાવાદના ૯ તાલુકામાં ૨૨ નવેમ્બર ૨૦૨૩થી ૨૪ જાન્યુઆરી, ૨૦૨૪ દરમિયાન ચાર આધુનિક રથ ગામેગામ ફરશે

। અમદાવાદ, તા.૧૯ ।

કેન્દ્ર સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓની માહિતી અને લાભો દરેક ઘર સુધી પહોંચાડવાના હેતુ સાથે સમગ્ર દેશમાં ‘વિકસિત ભારત સંકલ્પ યાત્રા’નું આયોજન કરવામાં આવ્યુ છે. દેશના અનુસૂચિત જનજાતિની નોંધપાત્ર વસ્તી ધરાવતા જિલ્લાઓમાં આ યાત્રા ૧૫મી નવેમ્બરથી જ શરૂ થઈ ચૂકી છે જ્યારે શહેરી અને અન્ય વિસ્તારોમાં આ યાત્રા ૨૦મી નવેમ્બરથી શરૂ થવાની છે. અમદાવાદ જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા આગામી તા.૨૨મી નવેમ્બરથી ૨૪મી જાન્યુઆરી,૨૦૨૪ સુધી ચાલવાની છે. અમદાવાદ જિલ્લા માટે ૪ રથ ફાળવવામાં આવ્યાં છે, જે સમગ્ર જિલ્લામાં ભ્રમણ કરીને કલ્યાણકારી યોજનાઓના માત્ર પ્રચાર પ્રસાર જ નહિ, પરંતુ નાગરિકોને યોજનાનો લાભ મેળવી શકે, એવી સુવિધા પણ પૂરી પાડશે.

અમદાવાદ જિલ્લાના સાણંદ, બાવળા, ધોળકા, ધંધુકા, વિરમગામ, માંડલ, દેત્રોજ, દસક્રોઈ, ધોલેરા એમ ૯ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં આ ચાર રથ ભ્રમણ કરશે. વિકસિત ભારતના સંકલ્પ સાથે યોજાનારી આ યાત્રામાં નાટકો, ઓડિયો-વીડિયો પ્રસ્તુતિ, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરેની રજૂઆતથી કેન્દ્ર સરકારની કલ્યાણકારી યોજનાઓનો મહત્તમ લાભ કેવી રીતે મેળવી શકાય, તેની જાણકારી પૂરી પાડશે.

વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન આયુષ્યમાન ભારત યોજના, પ્રધાન મંત્રી ગરીબ અન્ન કલ્યાણ યોજના, દીનદયાલ અંત્યોદય યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, ઉજ્જ્વલા યોજના, પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના, કિસાન સન્માન યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ, પોષણ અભિયાન, જલજીવન મિશન, સ્વામિત્વ યોજના, જનધન યોજના, જીવન જ્યોતિ વીમા યોજના, સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના, પ્રાકૃતિક કૃષિ અને રસાણિક ખાતરોનો વપરાશ ઓછો કરવા સહિતની ૧૭ યોજનાઓને આવરી લેવામાં આવી છે.

આ યાત્રાનો પ્રારંભ દેશના અનુસૂચિત જનજાતિની નોંધપાત્ર વસ્તી ધરાવતા ૧૧૦ જિલ્લાઓમાં ૧૫મી નવેમ્બરથી થયો જ્યારે અન્ય જિલ્લાઓમાં નવેમ્બર-૨૦૨૩ના ત્રીજા સપ્તાહથી કરવામાં આવશે. જેમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાના આગમન સમયે રથનું સ્વાગત, વડાપ્રધાનશ્રીનો વિડિયો સંદેશ, વિકસિત ભારતના સંકલ્પ લેવડાવવા સહિતના વિવિધ પ્રકારના કાર્યક્રમો યોજાશે. જિલ્લાના ૧૩,૮૪૮ સ્થળો આવરી લેવાય તે રીતે આધુનિક રથ ભ્રમણ કરાવવાનું આયોજન છે.

વિકસિત ભારત સંકલ્પ યાત્રાના આયોજનનો મુખ્ય ઉદ્દેશ છેવાડાના માનવી કે જે વિવિધ યોજનાઓનો લાભ લેવાપાત્ર છે, પરંતુ લાભ મળ્યો નથી તેમના સુધી પહોંચવાનો છે. ઉપરાંત યોજનાઓની માહિતીનો પ્રચાર-પ્રસાર કરી નાગરિકોમાં જાગૃતિ લાવવા, સરકારી યોજનાઓના લાભાર્થીઓ સાથે વાર્તાલાપ કરી તેમના અનુભવ જાણવા તેમજ યાત્રા દરમિયાન નિશ્ચિત વિગતો દ્વારા સંભવિત લાભાર્થીઓની નોંધણી કરાવી તેમને પણ સરકારી યોજનાઓનો લાભ અપાવી ૧૦૦ ટકા લક્ષ્ય હાંસલ કરવાના ઉદ્દેશ સાથે આ યાત્રા યોજાશે.

જનસેવાના ઉદ્દેશ સાથે યોજનાર આ યાત્રા દરમિયાન સરકારની વિવિધ યોજનાઓની માહિતી અને લાભો પાત્રતા ધરાવતા નાગરિકોને આપવામાં આવશે. યાત્રા દરમિયાન પાત્રતા ધરાવતા તમામ લાભાર્થીઓને વિવિધ યોજના હેઠળ આવરી લેવાના આયોજન સાથે યોજનાનો ૧૦૦ ટકા કક્ષ્યાંક પ્રાપ્ત કરવા માટે ગામડાઓમાં સંબંધિત વિભાગના અધિકારીઓ દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. વિકસિત ભારત સંકલ્પ યાત્રા જે જે ગામોમાં જશે ત્યાં ગ્રામસભાનું આયોજન પણ કરવામાં આવનાર છે.

## આણંદ જિલ્લાના સારસા સામૂહિક આરોગ્ય કેન્દ્રની નોંધપાત્ર કામગીરી

# આરોગ્ય સેવાઓમાં અગ્રેસર બનતું ગુજરાત : સરકારી હોસ્પિટલમાં ઉપલબ્ધ થતી ઉત્તમ સારવાર

। આણંદ, તા.૧૯ ।

તંદુરસ્ત સમાજ, તંદુરસ્ત રાજ્યના નિર્માણ માટે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યમાં આરોગ્ય સેવાઓનું સુદ્રઢીકરણ થયું છે. જનજનને આરોગ્ય સુવિધાઓ સરળતાથી અને સુગમતાથી મળી રહે તે માટે સતત પ્રયત્નશીલ રાજ્ય સરકારના આરોગ્ય વિભાગના વડપણ હેઠળ રાજ્યમાં કાર્યરત પ્રાથમિક - સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં પણ નાગરિકોને સર્વશ્રેષ્ઠ સેવાઓ મળી રહી છે, જ્યાં આરોગ્યલક્ષી સેવાઓ સાથે ‘સલામત પ્રસુતિ’ના સૂત્રને કેન્દ્રમાં રાખવામાં આવે છે.

પ્રસુતિ દરમિયાન માતા કે નવજાત શિશુનું અકાળે મૃત્યુ ના થાય અથવા તો પ્રસૂતિ પીડા વધારે ના વેઠવી પડે તે માટે રાજ્યભરમાં સરકારે સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો વ્યાપ વધાર્યો છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં જ્યાં અદ્યતન સુવિધાવાળી કે મોટી હોસ્પિટલની સગવડ નથી, ત્યાં કાર્યરત સરકારી આરોગ્ય કેન્દ્રો વિનામૂલ્યે શ્રેષ્ઠ સારવાર થકી સરકારની “સર્વે ભવન્તુ સુખીના, સર્વે સન્તુ નિરામયા:” ની વિભાવનાને સાચા અર્થમાં સાકાર કરી રહ્યા છે.

ગુજરાતના ખૂણે ખૂણે કાર્યરત સામૂહિક આરોગ્ય કેન્દ્રોની આવી અનેક સાફલ્યગાથાઓ મળી આવે, પરંતુ આજે વાત કરવી છે આણંદ જિલ્લાના સારસા ગામના સામુહિક આરોગ્ય કેન્દ્રની.

સારસા સી.એચ.સી. ખાતે સુપ્રીટેન્ડેન્ટ મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવતાં ડૉ. વિન્સેન્ટ ક્રિશ્ચિયન જણાવે છે કે સારસા અને આસ પાસના આઠ ગામોમાં વસતા લોકોને સી.એચ. સી. દ્વારા વિવિધ આરોગ્યલક્ષી સેવાઓ પૂરી



પાડવામાં આવી રહી છે. સારસાના આ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં માતા અને બાળ મૃત્યુ દર અટકે અને સલામત પ્રસુતિ થાય તેવા શુભ આશય સાથે એપ્રિલ-૨૦૨૩ થી ઓક્ટોબર-૨૦૨૩ દરમિયાન એટલે કે ૭ મહિનામાં તબીબો દ્વારા કુલ ૧૩૭૬ સલામત પ્રસુતિ કરવામાં આવી છે, જેમાંથી ૧૦૩૦ પ્રસુતિ તો એકદમ નોર્મલ થઈ છે. એટલે કે નોર્મલ ડિલિવરીનો રેશિયો ૭૫ ટકાથી પણ વધારે થયો, જે મોટી વાત છે. આ આરોગ્ય કેન્દ્રમાં મહિનાવાર સલામત પ્રસુતિની વાત કરવામાં આવે તો, એપ્રિલમાં ૧૪૪, મે મહિનામાં ૧૬૮, જૂનમાં ૧૭૮, જુલાઈમાં ૧૭૪, ઓગસ્ટમાં ૨૫૬, સપ્ટેમ્બરમાં ૨૧૫, ઓક્ટોબરમાં ૨૪૧ સલામત પ્રસૂતિ અહીં થઈ છે. જયારે નવેમ્બર માસ દરમિયાન અત્યાર સુધીમાં ૮૯ પ્રસુતિ કરવામાં આવી ચૂકી છે તેમ ડોક્ટર વિનસેન્ટે જણાવ્યું છે.

# વડોદરા જિલ્લાના આઠેય તાલુકાઓમાં તા. ૨૪ અને ૨૫ નવેમ્બરના રોજ રવિ કૃષિ મહોત્સવ યોજાશે

। વડોદરા, તા.૧૯ ।

રાજ્યના ખેડૂતોને રવિ સીઝનમાં રવિ પાકો વિશે આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે માર્ગદર્શન તેમજ ખેડૂતલક્ષી વિવિધ સહાય યોજનાઓ અંગેની સમજ મળી રહે તે હેતુસર રાજ્યના તમામ ૨૪૮ તાલુકાઓમાં તા. ૨૪/૧૧/૨૩ થી તા. ૨૫/૧૧/૨૩ દરમિયાન રવિ કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. તાલુકા કક્ષા ઉપરાંત પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધુ હોય તેવા પ્રાકૃતિક કૃષિના કલસ્ટરમાં તથા પિયતના નવા સ્ત્રોત ઉપસ્થિત થયેલા હોય તેવા સ્થળે પણ રવિ કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે વડોદરા જિલ્લામાં તા. ૨૪ અને ૨૫ નવેમ્બરના રોજ જિલ્લાના તમામ આઠેય તાલુકામાં બે દિવસીય કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. વડોદરા જિલ્લામાં રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૩ આયોજન અંગે કલેક્ટરશ્રી અતુલ ગોરના અધ્યક્ષ સ્થાને જિલ્લા અમલી કરણ સમિતિની બેઠક મળી હતી. કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે, રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૩ ના આ બે દિવસીય કાર્યક્રમ અંતર્ગત પ્રથમ દિવસે કૃષિ પરિસંવાદ અને કૃષિ પ્રદર્શન યોજાશે. તેમજ બીજા દિવસે બહોળા પ્રમાણમાં ખેડૂતો પ્રદર્શનનો લાભ લે તે હેતુસર પ્રદર્શન ખુલ્લું રાખવામાં આવશે. આ ઉપરાંત ખેડૂતો દ્વારા પ્રાકૃતિક કૃષિના એક મોડેલ ફાર્મની પણ મુલાકાત લેવામાં આવશે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે સાંજે થોડીક હળવાશ માણો. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુ:ખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે. તેમનું વેવિશાળ થયું છે તેવા લોકોને પોતાના ભાવિ જીવનસાથીમાં અદભુત ખુશીનું સ્રોત દેખાશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે બિનજરૂરી વિચારોને તમારા મગજમાં સ્થાન જમાવવા ન દો. શાંત તથા તાણમુક્ત રહેવાનો પ્રયાસ કરો, એ તમને માનસિક દ્દઢતા બક્ષશે. તમારા મૂડીરોકાણ તથા ભાવિ ધ્યેયો વિશે ગુપ્તતા જાળવો. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. તમારા દિલને અપીલ કરે એવી કોઈ વ્યક્તિને મળવાની સંભાવના અતિ પ્રબળ છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારો શંકાશીલ સ્વભાવ તમને કદાચ પરાજયનો ચહેરો દેખાડી શકે છે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? પરિવારના સભ્યોની લાગણીને દુભાવવી ન હોય તો તમારા ગુસ્સા પર કાબૂ રાખજો. એ સાથે જ યાદ રાખો કે ગુસ્સો એ ટૂંકા ગાળાનું ગાંડપણ છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે. આજે ઘરે તમારાથી કોઈની પણ લાગણી ન દુભાય તેની કાળજી રાખજો અને તમારા પરિવારની જરૂરિયાતોને અનુકુળ થજો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારી પ્રચંડ બૌદ્ધિક ક્ષમતા તમને વિકલાંગતા સામે લડવામાં મદદ કરશે. માત્ર હકારાત્મક વિચારો રાખીને તમે સમસ્યા સામે લડી શકો છો. આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો. તમારા મિત્રો તથા સંબંધીઓને તમારી આર્થિક બાબતોનું સંચાલન ન સોંપતા, નહીંતર તમારૂં બજૅટ વેરવિખેર થઈ જશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. રોકાણ કરવું જોઈએ પણ એ પૂર્વે યોગ્ય સલાહ લો. ઘરમાં કોઈક વિધી અથવા મંગળ સંસ્કાર થવા જોઈએ. કામદેવના બાણથી બચવાની શક્યતા આજે ઓછી છે. આજે તમે આખો દિવસ ખાલી રહી શકો છો અને ટીવી પર ઘણી મૂવીઝ અને પ્રોગ્રામ જોઈ શકો છો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે આનંદમય દિવસ માટે માનસિક તાણ અને તણાવ ટાળો. જો તમને લાગે છે કે તમારી જોડે પૂરતું ધન નથી તો ઘર ના કોઈ મોટા થી ધન સંચિત કરવા ની સલાહ લો. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. તમારા જીવનસાથીના સંબંધીઓ તરફથી સર્જાતા અવરોધોને કારણે તમારો દિવસ થોડોક અડચણભર્યો રહેશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે ઘરની ચિંતાઓ તમને બેચેન કરી મુકશે. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. તમારા ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે સૌની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો. તમારૂં પ્રિયપાત્ર આજે તમારી માટે જીવંત દેવદૂત બનીને આવશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. સૌથી અણધાર્યા સાધનોમાંથી તમે કમાણી કરો એવી શક્યતા છે. બાળકો કદાચ નિરાશા જન્માવશે કારણકે તેઓ તમારી અપેક્ષા પર પાર નહીં ઉતરે. તમારા સપનાં સાકાર થાય તે માટે તમારે તેમનો ઉત્સાહ વધારવો પડશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. પોતાના ગુસ્સા પર નિયંત્રણ રાખો અને ઓફિસ માં બધા જોડે સારી રીતે વાત કરો નહીંતર તમારી નોકરી જયી શકે છે અને તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે. તમારા સંબંધીની મુલાકાત તમારા વિચાર કરતાં ઘણી સારી હશે. પ્રેમનું સંગીત એને જ સંભળાય છે જેઓ તેમાં સતત ખોવાયેલા રહે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે નાની-નાની બાબતોને તમારા મગજ પર અસર કરવા ન દેતા. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે. એકાએક થયેલો રૉમેન્ટક મેળાપ તમને મૂંઝવી નાખશે.

## ન્યૂઝ બ્રિફ

### ઓપન એઆઈના સહ-સ્થાપક અને સીઈઓ સેમ ઓલ્ટમેનને પદ પરથી હટાવવામાં આવ્યા

। વોશિંગ્ટન, તા.૧૯ ।

ચેટજીપીઆઈટીના નિર્માતા અને ઓપનએઆઈ તરફથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે જેમાં ચેટજીપીઆઈટી બનાવનાર કંપની ઓપનએઆઈના સહ-સ્થાપક અને સીઈઓ સેમ ઓલ્ટમેનને પદ પરથી હટાવવામાં આવ્યા છે. બોર્ડને હવે ઓલ્ટમેનની ક્ષમતાઓ પર વિશ્વાસ નથી, આ કારણે ઓલ્ટમેને તેમના પદ પરથી રાજીનામું આપવું પડશે. ઓપનએઆઈએ ગઈકાલે આ માહિતી આપી હતી. પૂર્વ સીઈઓ ઓલ્ટમેને સોશ્યલ મીડિયામાં માહિતી આપતા લખ્યું હતું કે  ઓપનએઆઈમાં વિતાવેલો સમય મને ગમ્યો અને મને કંપનીમાં પ્રતિભાશાળી લોકો સાથે કામ કરવાનો સૌથી વધુ આનંદ આવ્યો છે. રાજીનામું એ પરિવર્તનકારી નિર્ણય હતો અને હવે હું શું કરીશ, શું થશે તે હું તમને પછી જણાવીશ. મીડિયા રિપોર્ટ્સ અનુસાર કંપનીના ચીફ ટેક્નોલોજી ઓફિસર મીરા મુરતી હાલના સમય માટે વચગાળાના સીઈઓ તરીકેનો ચાર્જ સંભાળશે. આ ઉપરાંત કંપની કાયમી સીઈઓની શોધ પણ ચાલુ રાખશે. આ સિવાય ઓપનએઆઈના પ્રમુખ ગ્રેગ બ્રોકમેન બોર્ડના અધ્યક્ષ પદેથી રાજીનામું આપશે.

### અલ શિફા હોસ્પિટલના આઈસીયુમાં દાખલ તમામ દર્દીનાં મોત નિપજ્યા

। તેલ અવીવ, તા.૧૯ ।

ગાઝાની અલ શિફા હોસ્પિટલમાં ચારે તરફ તબાહીના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. અલ શિફા હોસ્પિટલ નીચે હમાસે પોતાનુ હેડ ક્વાર્ટર બનાવ્યુ હોવાનો દાવો કરીને ઈઝરાયેલની સેનાએ હોસ્પિટલ પર એટેક શરુ કર્યુ છે અને હોસ્પિટલના ડાયરેકટર મહોમ્મદ અબુ સલ્મિયાએ કહ્યુ છે કે, હોસ્પિટલના આઈસીયુમાં દાખલ તમામ દર્દીઓના મોત થઈ ગયા છે. તેમણે કહ્યુ હતુ કે, ઈઝરાયેલની કાર્યવાહીમાં એક જ રાતમાં ૨૨ દર્દીઓએ જીવ ગુમાવ્યા છે.છેલ્લા ૩ દિવસમાં હોસ્પિટલમાં દાખલ ૫૫ લોકો મોતને ભેટયા છે. હોસ્પિટલમાં ૭૦૦૦ લોકો હજી ફસાયા છે.જેમાં દર્દીઓની સાથે સાથે કર્મચારીઓ તેમજ શેલ્ટર હોમમાં આશ્રય લેનારા લોકોનો સમાવેશ થાય છે. બીજી તરફ ઈઝરાયેલની સેના સતત હોસ્પિટલને ટાર્ગેટ કરી રહી છે.ઈઝરાયેલે ગઈકાલે જ દાવો કયો હતો કે, હોસ્પિટલ નીચેથી સુરંગ મળી આવી છે.

### ઈઝરાયેલ અને હમાસ વચ્ચે સંઘર્ષ હજુ પણ ચાલુ

# ઈઝરાયલની સરકારે ગાઝાને ઈંધણ પુરવઠા માટે મંજૂરી આપી

## ઇંધણની ભારે અછતને કારણે ગાઝામાં યુએનની સહાય પુરવઠો ફરીથી અટકાવી દેવામાં આવ્યો હતો

। જેરૂસલેમ, તા.૧૯ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે સંઘર્ષ હજુ પણ ચાલુ જ છે. ઘણા અઠવાડિયાથી ચાલી રહેલા આ યુદ્ધમાં અત્યાર સુધીમાં બાળકો અને મહિલાઓ સહિત હજારો લોકોના મોત થયા છે ત્યારે ઈઝરાયેલ સરકારે ગાઝાને ઈંધણ પુરવઠાને મંજૂરી આપી છે.

ઈઝરાયલ અને હમાસ વચ્ચે એક મહિના કરતા પણ વધારે દિવસથી યુદ્ધ ચાલી રહ્યું છે ત્યારે ગાઝામાં વધી રહેલી માનવતાવાદી કટોકટી ભૂખ્યા અને બેઘર પેલેસ્ટિનિયનો માટે એક પડકાર છે. ઈંધણની અછતને કારણે ગાઝામાં યુએનની સહાય પુરવઠો ફરીથી અટકાવી




દેવામાં આવ્યો હતો. આ દરમિયાન સમાચાર આવ્યા છે કે ઈઝરાયેલની યુદ્ધ કેબિનેટે માનવીય સંકટને ધ્યાનમાં રાખીને ગાઝાને નિયમિત ઈંધણ પુરવઠાને મંજૂરી આપી છે. સુત્રોના અહેવાલ મુજબ આ મંજૂરી બાદ ગઈકાલે બે ઈંધણ ટેક્રરો રાફા ક્રોસિંગ દ્વારા યુદ્ધગ્રસ્ત ગાઝા વિસ્તારમાં પ્રવેશ્યા હતા.

ઈઝરાયેલના સૈન્ય પ્રવક્તાના જણાવ્યા અનુસાર સરકારની મંજૂરી બાદ કુલ ૬૦,૦૦૦ લિટર ડીઝલ ઈંધણ વહન કરતા ટેક્રરોને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ ખાસ કરીને યુનાઈટેડ નેશન્સ રિલીફ એન્ડ વર્ક્સ એજન્સી (યુએનરો) દ્વારા ઉપયોગ માટે અધિકૃત કરવામાં આવ્યા હતા. રીઅર એડમિરલ હગારીએ વધુમાં જણાવ્યું હતું કે આ ઈંધણ ડિસેલિનેશન સુવિધાઓ માટે મહત્વપૂર્ણ છે જે દક્ષિણ પટ્ટીને પાણી પૂરું પાડે છે. આ પ્રક્રિયાનું મોનિટરિંગ યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈજિપ્ત દ્વારા કરવામાં આવે છે.

યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના એક અધિકારીએ જણાવ્યું હતું કે મંજૂર કરાયેલા નિર્ણય હેઠળ દર ૪૮ કલાકમાં ૧,૪૦,૦૦૦ લિટર ઈંધણ ગાઝામાં પ્રવેશ કરશે. જેમાંથી મોટાભાગના પાણી અને ગટરના ઉપયોગ માટે ફાળવવામાં આવશે. વધારાના ઉપયોગોમાં યુએન રાહત એજન્સીની ટ્રકો, કચરાના નિકાલ, બેકરીઓ અને દક્ષિણ ગાઝામાં હોસ્પિટલોનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે વીજળીની અછતને કારણે પતનની આરે રહેલી પાણી અને ગટર વ્યવસ્થાને આવશ્યક સહાય પૂરી પાડશે.

### હમાસની કેદમાં ઈઝરાયેલની મહિલાએ બાળકને જન્મ આપ્યો

## નેતન્યાહૂના પત્નીએ બ્રિટીશ પીએમના પત્નીને બંધકોને છોડવા માટે પત્ર લખ્યો

। તેલ અવીવ, તા.૧૯ ।

હમાસ પાસેથી પોતાના બંધકોને છોડાવવા માટે ઈઝરાયેલની સેના આકાશ પાતાળ એક કરી રહી છે અને આ બધાની વચ્ચે ઈઝાયેલના પીએમ બેન્જામિન નેતાન્યાહૂના પત્ની સારા નેતાન્યાહૂએ બ્રિટિશ પીએમ ઋષિ સુનકના પત્ની અક્ષતા મૂર્તિને લખેલો પત્ર વાયરલ થઈ રહ્યો છે. આ પત્રમાં સારાએ લખ્યુ છે કે, હમાસની કેદમાં રહેલી એક ઈઝરાયેલી મહિલાએ બાળખને જન્મ આપ્યો છે. હત્યારાઓની વચ્ચે માતા બનેલી આ મહિલાની મનોસ્થિતિ કેવી હશે તે તમે સમજી શકો છે. તેમણે અક્ષતાને લખેલા પત્રમાં ઉલ્લેખ કર્યો છે કે, હમાસની કેદમાં ૩૨ બાળકો પણ છે અને તેમાંનુ એક બાળક તો માત્ર ૧૦ મહિનાનુ છે.આ બાળક હજી ચાલવાનુ નથી શીખ્યુ અને તેનુ અપહરણ થઈ ગયુ છે. સારા નેતન્યાહૂએ અક્ષતા મૂર્તિની સાથે સાથે અમેરિકન રાષ્ટ્રપતિ બાઈડનના પત્ની જિલ બાઈડન તેમજ ફ્રાંસના રાષ્ટ્રપતિ મેક્રોનના પત્ની બ્રેજેટી મેક્રોનને પણ મોકલ્યો છે અને્ અપીલ કરી છે કે, તમામ દેશ ભેગા મળીને બંધકોને વગર કોઈ શરતે છોડવા માટે માંગ



કરે. સારાએ પત્રમાં લખ્યા પ્રમાણે જેમને બંધક બનાવાયા છે તે ઈઝરાયેલી બાળકોમાં માત્ર અપહરણ થવાનુ જ નહીં પણ તેમની આંખોની સામે તેમના પરિવારજનોની બર્બરતાથી હત્યા કરવાનો ડર પણ છે. આ બાળકો માટે આ બધુ જોવુ કેટલુ દર્દનાક હશે તેની તો માત્ર આપણે કલ્પના જ કરી શકીએ તેમ છે.મે આ પત્ર એક માતા હોવાના નાતે લખ્યો છે.

### આરબીઆઈએ નિયમો કડક કર્યા

## હવેથી ક્રેડિટ કાર્ડ-પર્સનલ લોન લેવામાં થશે મુશ્કેલી

### અનસિક્યોર્ડ લોન પોર્ટફોલિયોના નિયમોમાં ફેરફાર

। નવી દિલ્હી, તા.૧૯ ।

અનેક લોકો નાણાંકીય જરૂરિયાત પૂર્ણ કરવા માટે પર્સનલ લોન અને ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરે છે. ભારતીય બેન્ક અને નોન બેન્કિંગ ફાઈનાન્સ કંપનીઓ ક્રેડિટ કાર્ડ અને પર્સનલ લોન જેવા અનસિક્યોર્ડ લોન જાહેર કરે છે. ક્રેડિટ કાર્ડ બનાવવાનું અને પર્સનલ લોન લેવી મુશ્કેલ થઈ શકે છે. ભારતીય રિઝર્વ બેંક્રે નિયમોમાં ફેરફાર કર્યો છે. RBIએ બેંક્ર અને નોન બેંક્રિંગ ફાઈનાન્શિયલ કંપનીના અનસિક્યોર્ડ લોન પોર્ટફોલિયોના નિયમોમાં ફેરફાર કર્યો છે.  RBIના નિયમ અનુસાર બેંક્ર અને નોન બેન્કિંગ કંપનીઓએ અનસિક્યોર્ડ લોન પોર્ટફોલિયો માટે અલગથી વધુ મૂડી રાખવી પડશે. આ મૂડી અગાઉ કરતા ૨૫ ટકા વધુ હશે. બેન્ક અને નોન બેન્કિંગ કંપનીઓ તરફથી ૧૦ ટકા અલગ મૂડી રાખવામાં આવતી હતી અને હવે ૧૨૫ ટકા મૂડી અલગથી રાખવાની રહેશે, બેંક્રોએ ૫ લાખ રૂપિયાની પર્સનલ લોન આપી હોય તો તે માટે ૫ લાખ રૂપિયા અલગથી રાખવામાં આવતી હતા.




હવે બેન્ક પાંચ લાખ રૂપિયાની લોન આપશે તો ૬ લાખ ૨૫ હજાર રૂપિયા અલગથી રાખવા પડશે. છેલ્લા ઘણા સમયથી પર્સનલ લોન અને ક્રેડિટ કાર્ડમાં વધારો થઈ રહ્યો છે. ઉપરાંત ડિફોલ્ટના કેસ પણ સામે આવી રહ્યા છે. યોગ્ય સમયે પેમેન્ટ કરવામાં આવતું નથી. જેથી RBIએ આ નિયમોમાં ફેરફાર કર્યો છે. નિયમોમાં ફેરફાર થવાથી બેંક્ર અને નોન બેંક્રિંગ કંપનીઓએ અનસિક્યોર્ડ લોન પોર્ટફોલિયો માટે અલગથી વધુ મૂડી રાખવી પડશે.

### નશીલા ઈન્જેક્શન આપીને એક વ્યક્તિની હત્યાનો આરોપ

## યમનમાં કેરળની નર્સને હત્યાના આરોપમાં મોતની સજા કરાઈ

। નવી દિલ્હી, તા.૧૯ ।

વિદેશમાં વસતા ભારતીયો કોઈ ગંભીર કેસમાં ફસાઈ જાય ત્યારે તેમની હાલત ખરેખર ખરાબ થઈ જાય છે. હજુ થોડા દિવસો અગાઉ જ કતારની એક કોર્ટે ભારતીય નેવીના ૯ ભૂતપૂર્વ અધિકારીઓને મોતની સજા સુનાવી છે જેમને હજુ સુધી છોડાવી શકાયા નથી. આ દરમિયાન ઈસ્લામિક દેશ યમનમાં કેરળની એક નર્સને મોતની સજા સંભળાવવામાં આવી છે. નિમિષા પ્રિયા નામની નર્સ પર આરોપ છે કે તેણે યમનની એક વ્યક્તિને નશીલા ઈન્જેક્શન આપીને તેની હત્યા કરી હતી. મરનાર વ્યક્તિએ નિમિષાનો પાસપોર્ટ જપ્ત કરી લીધો હોવાથી તેનાથી છટકવા માટે નિમિષાએ તેને ઈન્જેક્શન આપ્યું હતું. પરંતુ તેમાં ઓવરડોઝ હોવાના કારણે વ્યક્તિનું મોત થયું હતું. આ કેસમાં નિમિષાની દયા અરજી પણ ફગાવી દેવામાં આવી છે. તેથી પરિવારજનોની માંગણી છે કે ભારત સરકાર આ મામલે દરમિયાનગીરી કરીને તેને મુક્ત કરાવે. યમન અત્યારે ગૃહ યુદ્ધની સ્થિતિ છે અને ત્યાં જવું સલામત નથી. નિમિષા પ્રિયા આઠ વર્ષના એક બાળકની માતા પણ છે. તે યેમેનના સાના ખાતે વર્ષ ૨૦૧૧થી કામ કરતી હતી. તેની માતાએ દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરીને યમન જવા પરવાનગી માંગી છે જેથી ત્યાં જઈને મૃતકના પરિવાર સાથે વાત કરી શકાય. યેમેનના કાયદા પ્રમાણે મરનારનો પરિવાર જે રકમ માંગે તે ચૂકવીને નિમિષાને મૃત્યુની સજામાંથી છોડાવી શકાય છે.



જબલપુરના કોબ્રા ગ્રાઉન્ડ ખાતે નાગરિકો સાથે આર્મી જવાનો સૂર્યા હાફ મેરેથોનમાં ભાગ લીધો હતો.

# વિશેષ

### વિમાનમાં મુસાફરી કરતા યાત્રીઓની સંખ્યામાં સતત વધારો થઇ રહ્યો છે : તમામ નાના પરંતુ વિકાસ તરફ વધતા શહેરોમાં એરપોર્ટ હશે

## દેશમાં એરપોર્ટની જાળ બિછાવાશે

દેશમાં વિમાનીમથકોની સંખ્યા વધારી દેવાની જરૂરિયાત અનુભવાઈ રહી છે. કેટલાક મોટા શહેરોમાં તો આવનાર દિવસોમાં એક કરતા વધારે વિમાનીથક રહેનાર છે.  કારણ કે દેશમાં વિમાની યાત્રા કરનાર લોકોની સંખ્યામાં રોકેટ ગતિથી વધારો થઇ રહ્યો છે. આ ઉપરાંત સરકાર દ્વારા પણ છેલ્લા છ વર્ષમાં ઉડ્ડયન ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે જુદા જુદા પગલા લેવામાં આવ્યા છે. આનાથી સીધો ફાયદો થયો છે. વર્ષ ૨૦૩૦ સુધી દેશના ઓછામાં ઓછા ૨૦ શહેરોમાં ત્યાં રહેલા વિમાનીમથક ઉપરાંત એક વધુ વિમાનીમથકની જરૂર પડનાર છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા આ મુજબની વાત કરવામાં આવી છે. આ શહેરોમાં મુંબઈ, દિલ્હી, ગોવા, વિશાખાપટ્ટનમ, જયપુર, પુણે, કોલકત્તા અને બેંગલોરનો સમાવેશ થાય છે. એક અભ્યાસમાં આ મુજબન વાત સપાટી પર આવી છે. આ હેઠળ આ બાબતની તપાસ કરવામાં આવી રહી છે કે કયા શહેરમાં વિમાનીમથક ક્યારે પોતાની ક્ષમતાને હાંસલ કરી લેશે. અલબત્ત ક્ષમતા પૂર્ણ થયાના પાંચ વર્ષ પહેલા જ નાગરિક ઉડ્ડયન મંત્રાલય જુદા જુદા રાજ્યોની સરકારોને વિમાનીમથક માટે જમીન આપી દેવા માટે અપીલ કરશે.  કેટલાક મોટા વિમાનીમથકોથી તેમની ક્ષમતા કરતા વધારે યાત્રી મુસાફરી કરી રહ્યા છે. દિલ્હી દાખલા તરીકે લઇ શકાય છે. ગયા વર્ષે દિલ્હી વિમાનીમથકથી આશરે સાઢા છ કરોડ પ્રવાસીઓએ યાત્રા કરી હતી. આ સંખ્યા આ



**૨૦૩૦ સુધી ૨૦ શહેરોમાં એકથી વધુ વિમાનીમથક રહેશે...**

વર્ષે સાત કરોડ સુધી પહોંચે તેવી શક્યતા છે. આ ગતિથી આ વિમાનીમથક પર યાત્રી બોજ તેની ક્ષમતા કરતા ખુબ વધારે થઇ જશે. ક્ષમતા પૂર્ણ કરી ચુકેલા વિમાનીમથકોના વિસ્તરણ માટેની યોજના તૈયાર કરવામાં આવી રહી છે. કેટલાક વિમાનીમથક એવા પણ છે જે વિમાનીમથકના વિસ્તરણ માટે કોઇ સંભાવના રહેલી નથી. ભારતમાં ઉડ્ડયન નેટવર્ક જે ગતિથી વધી રહ્યુ છે તેને લઇને દુનિયા આશ્ચર્યજનક રીતે જોઇ રહી છે. હાલના વર્ષોમાં ભારતીય વિમાનન ક્ષેત્રની પ્રગતિ એશિયામાં સૌથી વધારે રહી છે. તેની ગતિ ૧૩.૩ આંકવામાં આવી હતી. જ્યારે ચીનન પ્રગતિ ૮.૩ ટકા આંકડાવામાં આવી હતી. દક્ષિણ કોરિયા ૮.૧ ટકાની સાથે ત્રીજા સ્થાને રહ્યુ હતુ. ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશનના અંદાજમાં કહેવામાં આવ્યુ છે કે વર્ષ ૨૦૨૫ સુધી ભારત બ્રિટનને પાછળ છોડીને વિશ્વના ત્રીજા સૌથી મોટા નેટવર્ક તરીકે ઉભરી આવશે. હકીકત એ છે કે ભારતમાં મધ્યમ વર્ગમાં ઝડપથી વધારો થયો છે. તેમની ખરીદી શક્તિમાં વધારો થયો છે. સાથે સાથે તેમની દેશન અંદર અવરજવર પણ વધી ગઇ છે. મધ્યમ વર્ગના લોકો તેમની યાત્રા પર વધારે ખર્ચ કરવા માટે તૈયાર દેખાઈ રહ્યા છે. જેથી નાના નાના શહેરોમાં પણ વધારે વિમાની યાત્રી જોવા મળી શકે છે. ખાનગીકરણ બાદ કેટલીક વિમાની કંપનીઓ લો કોસ્ટ સેવા શરૂ કરી ચુકી છે. જેથી આ સેક્ટરનુ કદ વધી રહ્યુ છે. આવી સ્થિતીમાં યાત્રીઓની વધતી જતી સંખ્યા વચ્ચે વિમાનીમથકોની ક્ષમતાને વધારી દેવાની જરૂર છે. સ્થાનિક યાત્રીઓની સાથે સાથે વિદેશી પ્રવાસીઓ માટે પણ અમારા વિમાનીમથકોને ટેકનિકની દ્રષ્ટિએ વધારે પ્રોફેશનલ બનાવી દેવાની જરૂર છે. એર ટ્રાફિક મેનેજમેન્ટને લઇને પણ કેટલીક બાબતોને ધ્યાનમાં લેવાની જરૂર છે. મોદી સરકાર વારંવાર કહી રહી છે કે દેશમાં હવાઈ ચંપલ પહેરનાર વ્યક્તિ વિમાની યાત્રા કરી શકે તે માટે યોજના તૈયાર કરવામાં આવી રહી છે. નવા નવા વિમાનોના ઓર્ડર આપવામાં આવીરહ્યા છે. દેશમાં વિશ્વાસનો માહોલ છે. સાથે સાથે ઉડ્ડયન ક્ષેત્રમાં તેજી આવી રહી છે જેની સીધી અસર જોવા મળી રહી છે.

### મુશ્કેલ સ્થિતિમાં નાના દેશોની આર્થિક મદદ કરીને તેમની પાસેથી અનેક કામો દબાણથી કરાવવાની ચીનની ખતરનાક યોજના ખુલ્લી પડી ગઇ

## ઘણા દેશને ભીંસમાં લેવા ચીન ઇચ્છુક

ચીનની વિસ્તારવાદી ખતરનાક નીતિના કારણે તમામ પડોશી દેશો પરેશાન છે. ચીન પડોશી દેશોને જંગી લોન વિકાસના નામે આપે છે અને તેમને ફસાવીને તેમના વિસ્તારો પર કબજો જમાવવા માટે પ્રયાસ કરે છે. તેના આ વલણને અને ઈરાદાને હવે પડોશી દેશો સમજવા લાગ્યા છે અને તેની નીતિથી સાવધાન પણ થઈ રહ્યા છે. જો કે હજુ સુધી ચીને મોટા ભાગના પડોશી દેશો પર પ્રભુત્વ જમાવી લીધુ છે. ચીનનુ વાર્ષિક ઉત્પાદન ભારત કરતા સાત ગણુ વધારે છે અમારા પડોશી દેશોને ઘેરીને તે ભારત પર પ્રભાવ જમાવવાના પ્રયાસમાં રહે છે. અમે આર્થિક રીતે ચીનનો સામનો કરી શકવાની સ્થિતીમાં નથી. અમે ચીનની જેમ પડોશી દેશોની મદદ કરવાની પણ સ્થિતીમાં નથી પરંતુ રાજદ્વારી પ્રયાસો મારફતે ચીનના પ્રભાવમાંથી આ મિત્ર દેશોને બચાવી શકે છે. બીજી બાજુ દક્ષિણ ચીન દરિયામાં તેલ અને ગેસના સંશોધનની બાબત અમારા માટે ખૂબજ મહત્વપૂર્ણ છે. બંગાળના અખાત, હિંદ મહાસાગર અને અરબ સાગરમાં સ્થિત તેલ ભંડારો આપણા દેશની જરૂરિયાતોને પૂર્ણ કરી શકે નહીં. દક્ષિણ ચીન દરિયામાં તેલની શોધખોળથી અમે અમારી ઉર્જા જરૂરિયાતોને ભવિષ્ય માટે વધુ યોગ્ય બનાવી શકીએ છીએ. તેલ અને ગેસની શોધખોળની સાથે સાથે એક શક્યતા એવી પણ બની શકે છે કે ત્યાં કોઈ નવા પ્રકારના ખનીજ પદાર્થોની શોધ થઈ જાય જેનાથી આંતરરાષ્ટ્રીય સ્તર પર ભારતની



**નેપાળ, મ્યાનમાર, માલદીવ, ભુટાન, મલેશિયા ભારે પરેશાન...**

ટેકનિક પર વધારે વિશ્વાસ જાગે અને બીજા દેશ ભારતીય કંપનીઓને આમંત્રણ આપે. દક્ષિણ ચીન દરિયામાં તેલની શોધને લઈને ચીનની ઉંઘ હવે હરામ થઈ ગઈ છે. ડ્રેગનની બેચેની પણ દેખાવા લાગી ગઈ છે. આ તમામ મુદ્દે ભારતને પીછેહઠ કરવાના બદલે આગળ વધવાની જરૂર છે. અમે આવું કરવામાં સક્ષમ છીએ કારણ કે અમારી પાસે નવી ટેકનોલોજી છે. ભારતીય વૈજ્ઞાનિક ટેકનોલોજીને સતત વિકસીત કરી રહ્યા છે. આ જ કારણસર ચીન અમારી આ નીતિથી ચિંતાતૂર છે અને દક્ષિણ ચીન દરિયા પર પોતાના પ્રભુત્વ સામે ઉભા થઈ રહેલા ખતરાને લઈને પરેશાન છે. આ ચીનની ગભરામણ છે કે તે ભારતને વિયતનામમાં તેલ અને ગેસ ન શોધવાની ચેતવણી આપી રહી છે. જે ચીનના દરિયાઈ હિસ્સા તરીકે બિલકુલ નથી. આ અમારો આંતરરાષ્ટ્રીય અધિકાર છે જેથી અમે આંતરરાષ્ટ્રીય જળક્ષેત્રમાં કોઈ પણ પ્રકારની શોધખોળ પર કામ કરી શકીએ છીએ. અહીં એક બાબત સમજવી પડશે કે કોઈ અમારા જળક્ષેત્રમાં બહાર કોઈ પણ પ્રકારની શોધખોળ કરે તો અમને કોઈ સમસ્યા થવી જોઈએ નહીં. જો અમે ત્યાં તેલની શોધખોળ કરીશું નહીં તો કોઈ અન્ય દેશ આ કામ કરશે. ચીન એવું જ ઈચ્છે છે કે તે આ ક્ષેત્રમાં પોતાના વર્ચસ્વને જાળવી રાખે આ જ કારણસર તે વાંધાજનક નિવેદન કરીને ભારત પર દબાણ લાવવાના પ્રયાસમાં છે.

ભારત આ બાબતોનો આંતરરાષ્ટ્રીય સ્તર પર જવાબ આપે તે ખૂબ જરૂરી છે. પોતાની નીતિઓ અને યોજનાઓને અટકાવ્યા વગર સતત આગળ વધારે તે પણ ખૂબ જરૂરી છે. અહીં ચીનને સ્પષ્ટ ચેતવણી આપવી પડશે કે ભારત  તેની બાબતોને ગંભીરતાથી લેતું નથી.આ વાસ્તવિકતા છે કે જો ચીન હિંદ મહાસાગર સ્થિતિ પડોશી દેશો અને અરબ સાગરમાં પાકિસ્તાન જઈને બંદરોનું નિર્માણ કરે છે તો તે તેનો અધિકાર છે અમને આનાથી કોઈ તકલીફ હોવી જોઈએ નહીં. પણ સાવધાની ખૂબજ જરૂરી બની ગઈ છે. આ જ રીતે જો અમે દક્ષિણ ચીન દરિયામાં જઈને કોઈ શોખખોળ કરીએ તો ચીનને આનાથી કોઈ સમસ્યા હોવી જોઈએ નહીં.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત



**ન્યૂઝ બ્રિફ**

## સાળંગપુર મંદિરમાં હનુમાનજીને બીજો એક કિલો સોનાનો મુગટ અર્પણ

। સાળંગપુર, તા.૧૯ ।

સુપ્રસિદ્ધ સાળંગપુર કષ્ટભંજન હનુમાનજી મંદિરમાં ૧૭૫ માં શતાબ્દી મહોત્સવ ચાલી રહ્યો છે ત્યારે આજથી મહોત્સવ નો શુભારંભ થઈ ચૂક્યો છે. તેમજ કથામાં ખૂબજ મોટી સંખ્યામાં હરિભક્તો હાજર જોવા મળી રહ્યો છે. ત્યારે હનુમાનજી દાદાના આ મહોત્સવમાં હજારો હરિભક્તો દ્વારા દાદાને અલગ-અલગ વસ્તુઓ અર્પણ કરવામાં આવી રહ્યો છે. તેમજ બે દિવસ પહેલા સુરતના એક હરિ ભક્ત દ્વારા દાદાને એક કિલો સોનાનો હીરાજડિત મુગટ અને દાદાની ગદા સહિતના આભૂષણ અપર્ણ કરવામા આવ્યા હતાં. હનુમાન દાદા ને આજ રોજ મુંબઈના એક હરિ ભક્ત પરિવાર દ્વારા સોનાનો હીરા જડિત ૧ કિલો સોનાનો મુગટ તેમજ સોનાની જનોઈ આજે મુંબઈના ઉદ્યોગપતિ દ્વારા અર્પણ કરવામાં આવી છે. આ મુગટ ૧ કિલો સોનામાંથી બનાવવામાં આવ્યો છે. માથા પર પોપટની ડિઝાઈનવાળા આ સોનેરી મુગટ દાદાના ચરણમાં આજે અર્પણ કરવામાં આવ્યો હતો. સોનાનો આ મુગટ સવા ફૂટ ઉંચો અને ૧.૫ ફૂટ પહોળો છે.

## સૌરાષ્ટ્ર અને સુરતનું અંતર ઘટતા વેપાર, વ્યવહાર અને સંબંધ વધ્યા

। સુરત, તા.૧૯ ।

સુરતના હજીરાથી ભાવનગરના ઘોઘાને દરિયાઈ માર્ગથી જોડતી રો-રો ફેરી સર્વિસે સુરત-સૌરાષ્ટ્ર વચ્ચે મુસાફરો અને માલસામાનની અવરજવર ખૂબ સરળ અને સુગમ બનાવી છે. જેથી સુરતના ધંધા-ઉદ્યોગોનો લાભ સૌરાષ્ટ્રને મળતા સૌરાષ્ટ્રના જિલ્લાઓ આર્થિક રીતે મજબૂતાઈ મળી છે અને વ્યવસાય-રોજગારીની નવી તકો ઉભી થઈ છે. રો-રોને કારણે સૌરાષ્ટ્રના પ્રવાસન સ્થળોએ પહોચવું સરળ બન્યું છે, પરિણામે પ્રવાસન ઉદ્યોગને પણ વેગ મળ્યો છે. મુસાફરો સહિત સૌરાષ્ટ્રના લઘુ ઉદ્યોગો દ્વારા તૈયાર કરાતો માલ ઝડપી અને સસ્તા ભાવે સુરત અને ત્યાંથી મુંબઈ જેવા મોટા શહેરોમાં પહોંચી રહ્યો છે. જેથી સૌરાષ્ટ્રને રો-રો થકી એક મોટું બજાર મળ્યું છે. આમ, રો-રો સેવા એ માત્ર પરિવહન સેવા ન બની રહેતા સૌરાષ્ટ્ર અને સુરતના લોકો માટે સમૃદ્ધિની ચાવી સાબિત થઈ છે. આ ફેરી સેવાથી સૌરાષ્ટ્ર અને સુરતનું અંતર ઘટ્યું છે, અને વેપાર, વ્યવહાર અને સંબંધ વધ્યા છે.



મોટેરા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચેની ફાઈનલ મેચ દરમિયાન એર શો યોજાયો હતો.

### દાહોદ અને મુંબઈના વિરાર વિસ્તારમાંથી શોધી કાઢાઈ

## અંકલેશ્વરની બે સગીરાઓ લાપતા બનતા દોડધામ મચી

। ભરૂચ, તા.૧૯ ।

અંકલેશ્વર શહેરના નવા બોરભાઠા તથા નવા દિવા વિસ્તારમાં બે સગીરાઓ લાપતા બનતા પોલીસ દોડતી થઈ હતી. તપાસ દરમિયાન બાળાઓને લગ્નની લાલચ આપી તેમનું અપ હરણ કરાયું હોવાનું સામે આવ્યું હતું. અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસે બાળકીઓને દાહોદ અને મુંબઈના વિરાર વિસ્તારમાંથી શોધી કાઢી પરિવાર સાથે તેમનું મિલન કરાવાયું હતું. પોલીસ મહાનિરીક્ષક સંદિપ સિંહ તથા પોલીસ અધિક્ષક ભરૂચ મયુર ચાવડા દ્વારા અંકલેશ્વર શહેર એ ડીવીઝન પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુ.૨,૧,૦૮૧૭/૨૩ ઈ.પી.કો. કલમ ૩૬૩, ૩૬૬ તથા પીક્સો એક્ટ ૧૨. ૧૭ મુજબ તથા અંકલેશ્વર શહેર 'એ' ડીવીઝન પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુ.ર.નં.૦૯૦૬ ૨૩ ઈ.પી.કો. કલમ ૩૬૩, ૬૫ તથા પોક્સો એક્ટ મુજબ લાપતા બાકીઓને શોધી કાઢવાની અંકલેશ્વર પોલીસને સૂચના આપી હતી. અંકલેશ્વરમાંથી ૧૭ વર્ષ તથા ૧૫ વર્ષ ની સગીરાઓનું અપહરણ થયું હતું જે ગુનાની ગંભીરતા ધ્યાને લઈ અપહ્રત સગીર બાળાઓને શીધી કાઢવા સુચના અનુસંધાને નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ અક્લેશ્વર ડીવીઝનના માર્ગદર્શન તથા સુપરવીઝન હેઠળ અપહ્રત સગીરા તથા આરોપીઓને શોધી કાઢવા એકલેશ્વર શહેર 'એ' ડીવીઝન પોલીસ સ્ટેશનના સ્ટાફની જુદી-જુદી ટીમો બનાવી તપાસ હાથ ધરી હતી.

### સૌથી પહેલી પરિક્રમા શ્રીકૃષ્ણએ કરી હતી

## સાત જન્મનું પુણ્ય આપતા ગિરનારની લીલી પરિક્રમા ૨૩મીથી શરૂ થશે

### પરિક્રમાવાસીઓ માટે પાણી, વીજળી, મેડિકલ, સ્વચ્છતા જેવી તમામ સુવિધાઓની તૈયારીઓ પરિપૂર્ણ : કલેક્ટર

। જૂનાગઢ, તા.૧૯ ।

ગુજરાતમાં ગિરનાર શેત્રુંજી તેમજ પાવાગઢની પરિક્રમાનું ખાસ મહત્વ છે. તેમાં પણ ગિરનારની પરિક્રમાનું ખાસ મહત્વ છે. આ વખતે ગિરનાર પરિક્રમા ૨૩ નવેમ્બર કાર્તિકી એકાદશીથી ૨૭ નવેમ્બર કાર્તિકી પૂનમ સુધી યોજાનાર છે. આ પરિક્રમા કરવા દેશભરમાંથી લાખો યાત્રિકો આવે છે. ત્યારે વહીવટી તંત્ર, પોલીસ, અન્નક્ષેત્રો તેમજ સેવા સંસ્થાઓ દ્વારા સંપૂર્ણ તૈયારી કરવામાં આવી છે. સાધુ સંતોના સૂચનોને ધ્યાનમાં લઈ તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરવા પ્રશાસન પ્રયત્ન કરી રહ્યું છે. ખાસ કરીને સ્વચ્છતા અને પીવાના પાણીની સમસ્યા હલ કરવા નું તંત્ર માટે કસોટી ભર્યું છે. ગિરનારની પરિક્રમા શરૂ કરતાં યાત્રિકો ૪૦ કિમીની યાત્રા દરમિયાન મુખ્ય ચાર પડાવ ચાર દિવસમાં પાર કરે છે. પ્રકૃતિની ગોદમાં ખળખળ કરતા ઝરણાઓ, ઊંચા ઢોળાવો, કપરાં ચઢાણ, ગાઢ જંગલ માં યાત્રીકો ભોજન ભજન અને ભક્તિ કરતાં કુદરતને માણે છે. સૌ પ્રથમ કાર્તિકી એકાદશીએ રાતે બાર વાગ્યે પરિક્રમા રૂટ પરથી પૂજા પ્રાર્થના કરી પરિક્રમા શરૂ કરે છે અને આખી રત ચાલ્યા બાદ પ્રથમ પડાવ જીણાબાવાની મઢી પહોંચે છે. ત્યાં ભોજન, ભજન અને ભક્તિ સાથે રાતવાસો કરી બીજા દિવસે ઈટવાની ઘોડી અને મેળવેલાંની કપરી ઘોડીનું ચઢાણ કરી માળવેલાની જગ્યામા પહોંચે છે. જે એકદમ ગાઢ જંગલોમાં આવેલ છે. ત્યાં બીજા પડાવનો રાતવાસો કરે છે. ઘણા લોકો અહી રોટલા, ઓળો, ખીચડી નું દેશી સ્વાદિષ્ટ ભોજન બનાવે છે અને ભક્તિ સાથે આનંદ માણે છે. ત્રીજા દિવસે ત્યાંથી આગળ ચાલતાં ચાલતાં સુરજકુંડ, સુખનાળા થઈ બોરદેવી પહોંચે છે.

### મૈત્રી કરારમાં રહેતી હતી ગુજરાતની મહિલા પોલીસ

## મહિલા પોલીસ કોન્સ્ટેબલનું ૫ મહિનામાં બીજી વખત અપહરણ

। વડોદરા, તા.૧૯ ।

વડોદરાના ડભોઈ તાલુકાની એક મહિલા કોન્સ્ટેબલ મણી ચૌધરીનું પાંચ મહિનાની અંદર બીજી વખત અપહરણ થયું હોવાની ફરિયાદ નોંધાઈ છે. આ કોન્સ્ટેબલ મૈત્રી કરાર સાથે એક વ્યક્તિ સાથે રહેતી હતી અને તેના વિવાદમાં આ ઘટના બની હોવાનું માનવામાં આવે છે. પોલીસે જણાવ્યા પ્રમાણે કોન્સ્ટેબલ મણી ચૌધરી અને તેનો પરિણિત પ્રેમી સદ્દામ ગરાસિયા છેલ્લા એક વર્ષથી સંબંધ ધરાવે છે અને સાથે રહે છે. મણી અને સદ્દામે મૈત્રી કરાર કરેલા છે. સદ્દામ ગરાસિયા સામે ડભોઈ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયેલો છે તે પ્રમાણે આ સંબંધના કારણે ગરાસિયા અને તેની પત્ની વચ્ચે ઝઘડો ચાલતો હતો. ગરાસિયાની પત્નીએ આરોપ મૂક્યો છે કે ગરાસિયા અને તેના પરિવારજનોએ તેને ફટકારી હતી અને માનસિક ત્રાસ આપ્યો હતો. ગરાસિયાની પત્ની પોતાના બે બાળકો સાથે હાલમાં પિયરમાં રહેવા આવી ગઈ છે. આ દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ મણી ચૌધરી અને સદ્દામ ગરાસિયા સાથે છેલ્લા ત્રણ મહિનાથી મોટા હબીપુરામાં રહેતા હતા. ગરાસિયાના માતાપિતા પણ તેની સાથે રહે છે.

### દીકરીઓએ કંકુતિલક કરી ભવ્ય સ્વાગત કર્યું

## ગુવાર ગ્રામપંચાયત ખાતે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નું આગમન

### લોકકલ્યાણકારી યોજનાઓની માહિતી અને લાભ નર્મદા જિલ્લાના વંચિત આદિવાસી જનસમુદાય સુધી પહોંચાડાશે

। નર્મદા, તા.૧૯ ।

કેન્દ્ર અને રાજ્ય સરકારની લોકકલ્યાણકારી યોજનાઓની માહિતી અને લાભ નર્મદા જિલ્લાના વંચિત આદિવાસી જનસમુદાય સુધી પહોંચે અને તેમની જીવનશૈલીમાં સકારાત્મક પરિવર્તન આવે તેવા ધ્યેયમંત્ર સાથે માટે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' રથ ગામેગામ ભ્રમણ કરી રહ્યો છે.

વિકસિત ભારતના સંકલ્પ સાથે શરૂ થયેલી આ યાત્રાનું શનિવારના રોજ નાંદોદ તાલુકાના ગુવાર ગામમાં આગમન થતા ગામની બાળાઓએ કંકુતિલક કરીને રથનું ભવ્ય સ્વાગત કર્યું હતું. જે બાદ ગ્રામજનોએ રથના માધ્યમથી આરોગ્ય, શિક્ષણ, પોષણ, રોજગાર, ખેતી-પશુપાલન, નારી શક્તિ સહિત ગ્રામીણ વિકાસ સાથે દેશની ઉત્તરોતર પ્રગતિની ઝાંખી દર્શાવતી શોર્ટફિલ્મ નિહાળી હતી. આ વેળાએ તલાટીશ્રીએ સરપંચશ્રીને અભિલેખ પત્ર અર્પણ કર્યું હતું. 'મેરી કહાની, મેરી જુબાની' થીમ સંદર્ભે ગામના જાગૃત નાગરિક નરેન્દ્રભાઈ બારોટે સરકારનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું કે, ગુવારના ગ્રામજનો જાગૃત છે અને ગ્રામસભા દ્વારા સમયાંતરે સરકારની અનેકવિધ યોજનાઓની માહિતી ગ્રામજનોને આપવામાં આવે છે. વિકસિત ભારત સંકલ્પ યાત્રા અમારા ગામમાં આવી પહોંચતા હવે વંચિત લાભાર્થીઓ પણ સરકારની લોકકલ્યાણકારી યોજનાઓનો લાભ લઈને પોતાની જીવનશૈલીને બહેતર બનાવી શકશે.ગુવારના ગ્રામજનો દ્વારા ૦-૬ વર્ષના બાળકોના પોષણ અને આરોગ્ય પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. આંગણવાડી કાર્યકર બહેનો બાળકોના પોષણસ્તરને સુધારવા સહિત સગર્ભા-ધાત્રી માતાઓ, કિશોરીઓના સ્વાસ્થ્ય અને પોષણની જરૂરિયાતોની સંભાળ રાખવા સહિત માતાની પોષણક્ષમતામાં વધારો કરવા માટે સરાહનીય કામ કરી રહી છે. ગુવાર આંગણવાડી કેન્દ્રમાં સગર્ભા-ધાત્રી બહેનો, કિશોરી, બાળકોના પોષણસ્તરને સુધારવા માટે બાલશક્તિ, પૂર્ણાશક્તિ અને માતૃશક્તિ (ટીએચઆર) ના ફાયદાઓથી વાકેફ કરતા બેનરો થકી ગ્રામજનોને જાગૃત કરવામાં આવ્યા હતા. ઉપરાંત પૂરક પોષણ અને નિદર્શક ભોજનના સ્ટોલ સહિત આરોગ્ય કર્મીઓ દ્વારા બાળકોને પોલીયોના ટીપા પીવડાવીને સુરક્ષિત કરાયા હતા. આ તકે ગ્રામજનોએ પણ નિ:શુલ્ક હેલ્થ ચેકઅપ કેમ્પનો લાભ લીધો હતો. આંગણવાડી કેન્દ્ર ગુવાર ખાતે લાગેલા રાષ્ટ્રીય રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ, પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના કાર્ડ અને આભા કાર્ડ બનાવી ડિજિટલ પ્લેટફોર્મ પર આવવાની સરળ સુવિધાઓથી વાકેફ કરતા બેનરો પ્રદર્શનીમાં લગાવી બાળકો-ગ્રામજનોને જાગૃત કરવામાં આવ્યા હતા.

## હવે યુરિયા ખાતર સાથે ફરજીયાત નેનો, ખેડૂતોએ મચાવ્યો હોબાળો

। આણંદ, તા.૧૯ ।

ખેડૂતોના માથે એક પછી એક ઘાત આવતી જાય છે ક્યાંક વાવાઝોડા થી પાક ને નુકશાન તો ક્યાંક પાણી વિના પાક બરબાદ એટલું જ નહિ નકલી બિયારણો ના કારણે પણ ખેડૂતો ને મોટું નુકશાન થયું હોવાની બૂમ ઉઠી છે તેવામાં હવે યુરિયા ખાતરનું થેલી સાથે બળજબરીથી નેનો યુરિયા બટકાવવામાં આવતા આણંદ જિલ્લાના આંકલાવમાં ખેડૂતોએ હોબાળો મચાવ્યો હતો.

ઘણીવાર તમે યુરિયા ખાતરની અછતના કારણે ખેડૂતને લાઈનમાં જોયો હસે કે પછી વિલા મોઢે પરત જતો પણ નિહાળ્યો હશે, પણ આણંદના આંકલાવમાં આજે ખેડૂતોએ ભેગા થઈ યુરિયા સાથે નેનો યુરિયા અબતકારતા ખાતર ડેપો સામે બાંયો ચઢાવી હતી. હાલ આણંદ જિલ્લા માં તમામ ખાતર ડેપો સહિત ખાનગી એગ્રો સેન્ટર વાળા દ્વારા યુરિયા ખાતર ની થેલી સાથે ફરજિયાત નેનો યુરિયા અપાઈ રહ્યું છે. એક થેલી યુરિયા સાથે એક લિકવિડ નેનો યુરિયા બોટલ લેશો તોજ યુરિયા ખાતર મળશે તેવું ડેપો સંચાલકોએ ફરમાન પણ કરી દીધું છે.










માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨